RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

શ્રી સુર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનીષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિધ્ધિ

VOL-13 | ISSUE No. 11 | June 2023 | Pages 65

ચાલ, એક આંટો બહાર મારી આવીએ,
બંધનો થી મુકત હવાને માણી આવીએ;
આપવાની શું હોય છે મજા એ જાણવા
વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ!!!



માલિક
શ્રી લોહાણા મહાપરિષદ
પ્રકાશક/પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તાત્કાલિન પ્રમુખ : પ્રવીણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાંત જે. તન્ના
સહતંત્રી : મીનાબેન મગદાણી
વ્યાવસ્થાપક : હરીશ બી. ઠક્કર

શ્રી લોહાણા મહાપરિષદ
પત્રવ્યવહારનું સરનામું:
રજીસ્ટર્ડ ઓફિસ:
**શ્રી લોહાણા મહાપરિષદ**
શ્રી લોહાણા કન્યાશાળા,
નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૮૦. ભારત
ફોન નં : ૯૧ ૨૨ ૨૫૬૧૭ ૯૨૫૦
મો. : ૭૯૭૭૯૫૮૩૩૦

સભ્ય પદ:
આજીવન લવાજમ
(ભારત) : રૂા. ૨,૦૦૦/-
આજીવન લવાજમ :
(ભારતની બહાર) રૂા. ૮,૦૦૦/-

ઈમેલ:
contact@lohanamahaparishad.org


વેબસાઈટ:
www.lohanamahaparishad.org

શ્રી રઘુકુળ વિશ્વમાં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો પર આધારિત છે. જે બાબતે શ્રી રઘુકુળ વિશ્વ કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧) | માતૃસંસ્થાની અટારીએ થી | ૧ |
| ૨) | તંત્રી લેખ | ૨ |
| ૩) | જુનાગઢ ખાતે યોજાયેલ ષષ્ટમ કારોબારી સભા અહેવાલ | ૩ |
| ૪) | પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીની મુલાકાત | ૩૩ |
| ૫) | ઉત્તર ગુજરાત દેશી લોહાણા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ | ૩૪ |
| ૬) | ગુજરાતીના ઓનલાન વર્ગો | ૩૬ |
| ૭) | પર્યાવરણ સમિતિ પોરબંદર | ૩૭ |
| ૮) | શાબાશ રઘુવંશી | ૩૮ |
| ૯) | રઘુવંશી રમતોત્સવ - ૨૦૨૩ | ૪૩ |
| ૧૦) | આણંદ - ખેડા રિજન દ્વારા રક્તદાન કેમ્પ | ૪૬ |
| ૧૧) | કારકીર્દી માર્ગદર્શન સેમિનાર | ૪૮ |
| ૧૨) | મહિલા સમિતિની વિવિધ પ્રવૃત્તિઓ | ૫૦ |
| ૧૩) | થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા સત્યનારાયણ કથા | ૫૮ |
| ૧૪) | આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી | ૬૧ |

# કર્મમાં યજ્ઞ અને સેવા ભાવના



વ્હાલા જ્ઞાતિજનો,

સૌને જય રઘુવંશ..... જય જલારામ..... જય મહાપરિષદ......

ક્યાંક એવું વાચવામાં આવેલું કે આપણું જીવન એટલે સ્થિતિ અને ગતિનો, બંધન અને મુક્તિનો ખેલ. કેટલી ગાંઠો ને કેટલાં ગાંસડાં! કેટલી છુટ્ટી ને કેટલી છોડામણ! કેટલું વીંટાતું આવે ને કેટલું ઉકેલાતું જાય! અંતરના એકાંતે આપણે; પણ એકનાચે અનેક સાથેના મિલનમેળા પણ થતા જ રહે - જામતાં જ રહે. જેમ એકાંતનો તેમ મેળાનોય આનંદ લેવાની અને માણવાની તક આપણે જવા ન દેવાય. આવી એક સુંદર આનંદમેળાની તક આપણને સાંપડી માતૃસંસ્થાની મારા કાર્યકાળની ષષ્ટમ કારોબારી સભામાં જુનાગઢ ખાતે. ગીરનારની પ્રકૃતિની ગોદમાં, સંત, સુરા, સિંહ અને નરસિંહની ભૂમિના એ રમણીય સ્થળમાં એવાજ રમણીય રઘુવંશી સમાજે મહાપરિષદની કારોબારી બેઠકને ખરાઅર્થમાં પોતાના આયોજન, આતિથ્ય, એકોમોડેશન, ભોજન અને સૌથી અગત્યનું ઉચ્ચ ભાવના દ્વારા યાદગાર અને રમણીય બનાવી દીધી.

શ્રીમદ ભાગવત ગીતા આપણને આજ શીખામણ આપે છે કે તમારા કર્મમાં યજ્ઞ અને સેવાની ભાવના ભેળવી દો તો કર્મ ખીલી ઉઠશે. કેમકે ઉચ્ચ ભાવનાથી કર્મમાં રસ ઉત્પન થાય છે અને કર્મનું સ્વરૂપ જ બદલાય જાય છે. ભાવના મરી ગઈ તો બધું જ મરી ગયું. એ સમજી લેજો. માંછલા અને માણસને એક ત્રાજવે તોળી ન શકાય. પ્રભુએ માણસને ભાવના, લાગણી, દયા અને વિવેકનું દાન દીધું છે. આ ગુણોનો ઉપયોગ કરીને તે જીવનની નાની મોટી દરેક ક્રિયામાં પોતાના ભાવ ભરીને મુલ્યવાન બનાવી શકે છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થતી બધી જ નાની મોટી પ્રવૃત્તિઓમાં બસ આ ભાવના ભળી જાય એવું કરવું આપણા સૌની નૈતિક ફરજ છે.

ટુંકમાં, કોઈપણ સમાજ કે જ્ઞાતિના ઘડતરમાં આપણું કર્મ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે, અને તેમા સેવાની ભાવના ભળવાથી તે રસવાળું બની જાય છે. બોર વીણવાનું કામ કેટલું સાધારણ ગણાય! છતા તેવા સાધારણ કામમાં ઉત્તેમ ભાવના ભળવાથી શબરીને માટે તે કામ એક મહાન સાધનાના અંગ જેવું બની ગયું. માતૃસંસ્થા મહાપરિષદની વિવિધ સ્થાયી સમિતિઓ દ્વારા, ઝોનલ અને રીજનલ પ્રમુખશ્રીઓ દ્વારા, વિવિધ હોદ્દેદારો દ્વારા ઉત્તેમ ભાવનાથી જે જે પ્રવૃત્તિઓ હાથ ધરાય છે તે બધી જ પ્રવૃત્તિઓના પ્રયત્નોને હું શબરીના બોરની ભાવના જ ગણાવીશ. કોઈ કામ ભલે નાનું હોય કે મોટું પણ તેને ઉચ્ચ સેવા ભાવથી સીંચો તો તેનું મુલ્ય વધી જશે, અને તે કર્મ યજ્ઞ બની જશે, કર્મયોગ બની જશે. આવો જ એક કર્મયોગ ગત માર્ચ માસમાં કમ્પાલા - યુગાન્ડા ખાતે યોજાયેલ અભૂતપૂર્વ LIBF ના સ્વરૂપે યોજાયો, અને આવો જ એક કર્મ યજ્ઞ શિક્ષણ અને આરોગ્ય નો ચાલુ છે, જેના દ્વારા અસંખ્ય તેજસ્વી વિદ્યાર્થીઓની ઉચ્ચતેમ કારકીર્દી ઘડવામાં માતૃસંસ્થા માધ્યમ બની રહી છે. જ્ઞાતિના ઘણા દર્દી નારાયણની સેવામાં મહાપરિષદ સહભાગી બને છે જેનો આપણને આનંદ અને ગૌરવ છે.

અંતમાં, માતૃસંસ્થાની બધી જ સ્થાયિ સમિતિના અધ્યક્ષશ્રીઓ, ઝોનલ અને રિજનલ પ્રમુખશ્રીઓ, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ જ્ઞાતિ વિકાસમાં સક્રિય સૌ હોદ્દેદારોશ્રીઓ, જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રીઓ તેમજ મહાજનો, મહિલા સંગઠનો, યુવા સંગઠનો, છાત્રાલયો, આપ સૌને નમ્ર અપીલ સાથે આગ્રહ કરું છું કે ચાલો આપણે સૌ આપણી અનુકુળતા, આવડત અને ક્ષમતા મુજબ રઘુવંશી સમાજના ઉત્કર્ષમાં જોડાઈએ અને આપણા ભાગે આવતા કર્મને યજ્ઞ સમજી ઉચ્ચ ભાવનાથી તેનું સીંચન કરીએ ચોક્કસ પણે આપણું એ કર્મ આપણા માટે અને અન્ય માટે મુલ્યવાન બની જશે!!!

**સતિષ ડી. વિઠલાણી**

પ્રમુખ

તંત્રી સ્થાનેથી...

# ચાલો....... વાદળ જેમ વરસતા જઈએ!



બાળકના ખડખડાટ હાસ્યની જેમ વાદળ વરસી પડ્યું....

રાહ જોવડાવીને આવે છે ત્યારે વરસાદ ઘણા વરસે મળેલા વ્હાલમની જેમ વહાલો લાગે છે. એ વણબોલાવ્યા મહેમાનની જેમ આવે કે પ્રેમીની જેમ મુશળધાર વરસે. એને જોઈને આપણને પણ વરસી પડવાનું મન થાય છે, કેમ કે કોઈ પણ કારણ વિના વરસી પડવું એ માનવીનો મૂળભૂત સ્વભાવ છે. વરસાદ વરસે છે ત્યારે આકાશમાંથી પાણી જ વરસે છે એમ ન કહેવાય પરતું કેટલાક તો વિશાળ રસ્તા પર વરસાદને માત્ર ઋતુ નો એક ખેલ સમજે છે. અને એમાય કેટલાક અભાગિયા તો વળી વરસાદને પણ વિઘ્ન ગણે છે.

માણસની જેમ વરસાદના પણ કેટલાંય રૂપ છે. કયારેક પ્રિયજનના પ્રેમની માફક વરસી પડે તો કયારેક ધાડપાડુંની જેમ હુમલો કરે. કયારેક બાપના ગુસ્સાની જેમ વરસે તો વળી કયારેક માના વહાલની જેમ ભીંજવી પણ જાય. માણસની જેમ વરસાદને કોઈ નિયમ નડતો નથી. એ તો ધૂની છે. વરસવું એ જ એનો સ્વભાવ છે. પરંતુ એ જયારે પણ વરસે છે ત્યારે અંદરથી તૃપ્તી જ આપે છે. અન્યનું ભલુ કરવા ઈચ્છતા કે સેવા કરનાર સૌ એ વાદળ કે વરસાદ પાસેથી બસ આજ મોટી શીખ લેવાની છે. વરસાદમાં સૃષ્ટિને સમુહ સ્નાન કરતી જોઈને લાગે જાણે કુદરત સૃષ્ટિને વહાલ કરે છે. નગ્ન ડુંગરાઓ પર લીલી રુંવાટી ઊગી આવે છે. ચકલી જયારે એની પાંખ માં ભરાયેલું પાણી છંટકારે છે ત્યારે ખરેખર કુદરતનાં ઓવારણાં લેવાનું મન થઈ જાય છે. એણે બધાની ખેવના રાખી છે. દરેકને સમદ્રષ્ટિથી જોયા છે. આપણે પણ દરેક વ્યક્તિ પરત્વે, દરેક પરિસ્થિતિમાં સમવૃતિ કેળવીએ તો જીવનમાં સદાયે લાગણીથી તરબતર અને ભીનાભીના રહેવાય. કોઈ કવીએ સરસ લખ્યું છેઃ ''આ ભીના ભીના રહેવાની મદહોશ મોસમ આવી છે, આ ધીમા ધીમા વહેવાની મદહોશ મોસમ આવી છે. આ વાદળ કાળા - ધોળાંને આ ગમતાંને - અણગમતાંને, ચુમીને પ્રેમથી કહેવાની, મદહોશ મોસમ આવી છે.''

વરસાદ પ્રકૃતિનો મહાપ્રસાદ છે. આ પ્રકૃતિની અનન્ય શક્તિઓ, વરસાદ, વૃક્ષ, વાદળ, સૂર્ય, ચંન્દ્ર હંમેશા આપણી સેવામાં અવિરત લાગેલા છે. તે આપણને પ્રેરણા આપે છે કે આપણે પણ સેવાને જીવનનું લક્ષ્ય બનાવવું જોઈએ. સંત તુલસીદાસજી લખે છે, ''સંત બિટપ સરિતા ગિરિ ધરની। પરહિત હેતુ સબન્ડ કે કરની॥'' અર્થાત સંત, વૃક્ષ, નદી, પર્વત અને પૃથ્વી આ સર્વના કાર્યો બીજાના હિત માટે જ હોય છે. નીતિશતક માં બીજા શબ્દોમાં કહેલું છે.

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न स्वादन्ति वृक्षा।

नाद्रन्ति सस्यं खलु वारिवाहाः परोपकाराय संता विभूत यः॥

અર્થાત - નદીઓ પોતાનું પાણી પીતી નથી, વૃક્ષો જાતે પોતાના ફળ ખાઈ જતા નથી, મેઘ પોતે પકવેલો પાક ખાતો નથી. સત્પુરુષોની શક્તિઓ બીજાઓના કામ કરવામાં જ વપરાય છે.

આમ વાદળ, વૃક્ષ અને પ્રકૃતિની અનન્ય શક્તિઓ સ્વભાવતઃ અન્યનું ભલું કરે છે. જો આપણે પણ આપવા લાગીએ તો આપણે પ્રકૃતિના સંપર્કમાં આવી જઈએ છીએ અને ત્યારે પ્રકૃતિની સંપદા પ્રાપ્તિનો અદભૂત માર્ગ ખૂલી જાય છે. એટલે જ પ્રકૃતિ સાથે સામંજસ્ય રાખવાનો સૌથી સરળ ઉપાય છે, ચાલે.... વાદળ જેમ વરસતા જઈએ!!!

**પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના કાર્યકાળની ષષ્ઠમ કારોબારી સમિતિની સભા જુનાગઢ ખાતે સફળતા પૂર્વક સંપન્ન

## માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ




માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમીતીની છઠ્ઠી સભા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના અધ્યક્ષ સ્થાને જુનાગઢ મુકામે ઝોન-૩ના યજમાનપદે તા. ૩ અને ૪ જૂન ૨૦૨૩ રોજે યોજાઈ હતી.

માનદમંત્રી શ્રી હરિષભાઈ ઠક્કરે સભા સંચાલન આરંભે રઘુકુળ શીરોમણી ભગવાન શ્રીરામ દરબાર, સંતશ્રી જલારામ બાપા અને પૂજય હિંડોચાબાપા અને છગનબાપાના સાનીધ્યે દીપ પ્રાગટય માટે પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી, ટ્રસ્ટી અને મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, ટ્રસ્ટી શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી નીતીનભાઈ રાયચુરા, મંત્રીશ્રી સુરેશભાઈ પોપટ, ખજાનચી યોગેશભાઈ ઠક્કર અને શ્રી વસંતભાઈ અનારકટ, વરીષ્ઠ ઉપપ્રમુખો શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ લાલ, ઝોન-૩ પ્રમુખશ્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, શ્રી ડોલરભાઈ કોટેચા, શ્રી પ્રદીપભાઈ ખીમાણી, શ્રી ગીરીષભાઈ કોટેચા, શ્રી શરદભાઈ આડતીયા, શ્રી મહેન્દ્રભાઈ મશરૂ, શ્રી રાજેશભાઈ તન્ના, શ્રી






પંકજભાઈ ઓંધીયા, શ્રી કૃણાલભાઈ ગઢીયા, શ્રી હસમુખભાઈ જોબનપુત્રાને આમંત્રીત કર્યા હતાં. માન્યવરોને દીપ પ્રાગટય બાદ મંચસ્થ થવા આમંત્રીત કર્યા હતાં. સવારના યજમાન મહાજન દ્વારા ચા-નાસ્તાના આયોજન અને રજીસ્ટ્રેશનની પ્રક્રીયા હાજર સભ્યોએ ત્વરાએ પૂર્ણ કરી સભા સ્થળે હાજર થઈ જતાં સૌ સભ્યોને માનદ્‌મંત્રી દ્વારા આવકાર આપવામાં આવ્યા હતા તેમજ પ્રથમ દિવસની વિશેષ કાર્યવાહીની આછેરી જાણ આપી હતી.




પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા વર્તમાન કારોબારી સમિતિના કાર્યના વીસ્તરણ અંગેની ખુબજ ઉપયોગી અને જવાબદાર પદાધિકારીઓને તેમની જવાબદારી સૂચવતી જાણકારી આપતાં કહ્યું હતુ કે અદ ના રઘુવંશી વ્યક્તિ સુધી પહોંચવું હોય તો સત્તા-અધીકાર-જવાબદારીઓની વહેંચણી અનીવાર્ય બની રહે છે.




આ લક્ષ્યને પૂર્ણતઃ અમલમાં મુકવા ભારતનાં ૧૫ ઝોન અને આંતરરાષ્ટ્રીય ૮ ઝોનની રચના કરવામાં આવી છે, તેમજ દરેક ઝોનમાં રીજીયનની સ્થાપનાએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દરેક સ્થાનીય મહાજન અને રઘુવંશી પરીવાર સાથે સંપર્કમાં રહી શકે તેવો પ્રયત્ન છે. દરેક રઘુવંશી પરિવારને માતૃસંસ્થા સાથે જોડવાની કડી મહાજન અને સ્થાનીક સંસ્થાઓ છે, જયારે સ્થાનીક મહાજનો અને સંસ્થાઓનો સંપર્ક રીજીયનલ અને ઝોનલ કક્ષાએ કરી શકીએ. આ સાથે જ માતૃસંસ્થા દ્વારા સમાજલક્ષી દરેક જરૂરીયાતોને પહોંચી વળવા ૨૭ સ્થાયી સમિતીઓના અધ્યક્ષ કાર્યરત છે. સાથે જ પ્રમુખશ્રીએ આહવાન (સૂચન) કર્યું હતું કે ઝોન-રીજીયન કક્ષાએ દરેક પદાધીકારીઓ આ ૨૭ સ્થાયી સમિતિ માટે સક્ષમ કાર્યકરોને પ્રોત્સાહીત કરી દરેક સમિતિના ધ્યેય-પ્રવૃત્તીને સ્થાનીય કક્ષાએ રઘુવંશી પરીવારો સુધી પહોંચાડી તેમને લાભાર્થી બનાવે.

પ્રમુખશ્રી દ્વારા પ્રથમ દિવસની ચર્ચાનું મહત્વ અને ધ્યેય હેતુની ચર્ચા બાદ ''રઘુવંશી ગૌરવ ગીત'' નું ગાન સૌએ આદરપૂર્વક કરી જય રઘુવંશ, જય મહાપરિષદ અને જય જલારામ બાપાના જયઘોષ સાથે કર્યું હતું. ''રઘુવંશી ગૌરવ ગીત'' બાદ સ્થાનીય દીકરીઓ દ્વારા ગણેશ વંદનાની રજૂઆત બાદ કાર્યસૂચિ પ્રમાણે ચર્ચાસત્ર શરૂ કરવામાં આવ્યું હતું.

# ષષ્ઠમ કારોબારી સમિતિની સભા (જુનાગઢ) દરમ્યાન સન્માનિત મહાનુભાવો















HONORARY
MEMBERSHIP







# શીક્ષણ સમિતિ




શીક્ષણ સમિતિ વતી ડૉ. શ્રી જયેશભાઈ ઠક્કર એ જણાવ્યું હતું કે વર્ષ દરમ્યાન ૪૫૨ વિદ્યાર્થીઓને ઉચ્ચ શીક્ષણ હેતુ સ્કોલરશીપ લોન પેટે રૂા. ૫૬ લાખ, પ્રાથમીક શીક્ષણમાં ૪૬૦ જેટલાં વિદ્યાર્થીઓને રૂા. ૧૬ લાખ, IAS, IPS, UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે ચાણકય એકેડમી, CA, CS માટે J. K. Shah સાથે MOU દ્વારા સ્કોલરશીપ અને આર્થીક રાહત આપવા, યુવા અન સ્ટોપેબલ (પ્રદીપભાઈ ધામેચા) દ્વારા અપાતી સ્કોલરશીપ પરીક્ષામાં ઉતીર્ણ થતાં વિદ્યાર્થીઓને બે લાખ સુધીની સહાય અનુક્રમે અપાતી હોય છે જેમાં પ્રથમ વર્ષે ૧૭ વિદ્યાર્થી ઉતીર્ણ થયા હતાં અને ૯ વિદ્યાર્થીઓએ સ્કોલરશીપનો લાભ લીધો હતો બાકીના વિદ્યાર્થીઓ દ્વારા પ્રમાણપત્રોની સમયસર રજૂઆત ન થતાં સહાય ન મેળવી શકયાં પણ વર્તમાન વર્ષે ૧૦ વિદ્યાર્થીઓ લાભાર્થી બન્યા હતાં. મારવાડી યુનીવર્સીટી દ્વારા પણ આર્થીક રાહત બાબતે સકારાત્મક વ્યવહાર દર્શાવવામાં આવ્યો છે. આજે ૧૨૮ જેટલી યુનીવર્સીટીઓ ગુજરાતમાં છે. જેમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે રઘુવંશી ભાઈઓ જયાં સંકળાએલા હોય ત્યાંથી વિદ્યાર્થીઓને લાભ અપાવી શકતાં હોય તો તે પ્રમાણે પ્રયત્ન કરવો જોઈએ.

ઓનલાઈન પ્રવેશપત્રો ભરવામાં વિદ્યાર્થીઓ સજાગ રહે અને યોગ્ય તથા પુરતાં પ્રમાણપત્રોની રજૂઆત કરવામાં આવે તો ૭૨ કલાકમાં અરજીનો નીકાલ કરવા સક્ષમ છીએ. આ સંબંધે ઝોનલ-રીજીયનલ-મહાજન દ્વારા પણ અરજીઓ બાબતે યોગ્ય સહકાર આપે તો વિદ્યાર્થીઓને આપણે ઘણાં મદદરૂપ થઈ શકીશું. ઝોનલ પ્રમુખો દ્વારા વિનંતી કરવામાં આવી હતી કે પ્રમાણપત્રોની અધુરાશ અંગે અમને ફોન આવે છે તમેજ અરજી મંજુર થયે કેટલી રકમ આપવામાં આવે છે તેની પણ જાણકારી મળે તેવું સુચન કર્યું હતું. આ સંદર્ભે જણાવવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીની અરજી મંજુર થયે ઈન્ટરવ્યુ વખતે ઝોનલ-રીજીયનલ-મહાજન પ્રમુખને પણ ઉપસ્થીત રહેવા લીંક મોકલવામાં આવે છે ઈન્ટરવ્યુ દરમ્યાન પદાધિકારીઓની સમયસરની અનઉપસ્થિતીએ તેઓને માહિતીનો અભાવ વર્તાતો હોય છે. જયારે મંજુર થએલ રકમની જાણકારી ઈન્ટરવ્યુ દરમ્યાન જ ઉપસ્થિત પદાધિકારીને અપાય છે. તેમ છતાં ફરી માહિતી આપવામાં આવશે. અધુરા પ્રવેશપત્રોની જાણકારી વિદ્યાર્થી તેમજ સંબંધીત વિભાગીય પદાધિકારીઓને આપવામાં આવે છે તેથી પદાધિકારીઓએ વિદ્યાર્થીને કોઈ અડચણ મુંઝવણ હોય તો માર્ગદર્શન આપી શકે તેવી અપેક્ષા રાખીએ છીએ.

શ્રી પાર્થ ગિરીશભાઈ કોટેચા જેઓના વાલીપણા હેઠળ ચાલતી નોબલ યુનીવર્સીટીમાં બાવન થી વધુ કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે અને વર્તમાન બી.એ. સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ શૈક્ષણીક કોર્સ ચાલુ કરવામાં આવેલ છે. રઘુવંશી યુવાનોના ઉત્કર્ષ માટે નોબલ યુનીવર્સીટી માતૃસંસ્થા શ્રી લોહાણા



મહાપરિષદ સાથે MOU કરવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. શ્રી પાર્થભાઈની આ લાગણીને વધાવી લેતા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના આવ્હાને નોબલ યુનીવર્સીટી દ્વારા માતૃસંસ્થાની ભલામણે ૨૫ ટકા જેટલી રાહત ફી માં આપવા મંજુર કર્યું હતું.

જુનાગઢ શહેરના કમિશ્નર રાજેશભાઈ તન્નાએ સૌના અભીવાદન સાથે વકતવ્યના પ્રારંભેજ જણાવ્યું કે ઉપસ્થિતી દરમ્યાનની ચર્ચા સાંભળી માતૃસંસ્થાની કાર્યપધ્ધતી પ્રત્યે આનંદ અને આદરની લાગણી દર્શાવતા જણાવ્યું કે મારો રઘુવંશી પરિવાર ખુબ જ ઉત્તમ કક્ષાએ પ્રવૃતીશીલ છે. મારી ઈચ્છા તો દરેક સમિતિઓની પ્રવૃતીઓ અંગે જાણકારી મેળવવાની છે પણ સરકારી જવાબદારીઓને કારણે સમય નથી ફાળવી શકતો તેથી જો બાકીની વિગતો ઉપલબ્ધ કરાવી શકો તો આનંદ થશે. આ સાથે જ જણાવ્યુ હતુ કે પ્રસ્તુત ચર્ચા દરમ્યાન માતૃસંસ્થાની કાર્ય પધ્ધતીની પારદર્શીતા આંખે ઉડીને વળગે છે. અને જે કંઈ ચર્ચાઓ થઈ તેમાં કાર્યપધ્ધતીમાં જરૂરી ફેરફાર કે સુધારા-વધારાની અપેક્ષા રાખવામાં આવી રહી છે, જે સહજ છે. તંદુરસ્ત સભર વાતાવરણ વચ્ચે ચાલતી સમાજલક્ષી પ્રવૃત્તીઓ પ્રત્યેના સંતોષ સાથે શીક્ષણ-આરોગ્ય અને આર્થીક ઉન્નતી બાબતે વિશેષ ધ્યાન રાખીએ તે જરૂરી છે.





# છાત્રાલય સમિતિ




છાત્રાલય સમિતિની ચર્ચાની પૂર્વભૂમિકાએ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે ખાસ કરીને મુંબઈ તથા અમદાવાદ ખાતે કન્યા છાત્રાલયની તત્કાળ જરૂરત છે. સરકારશ્રીની આ બાબતે કોઈ વિશેષ યોજનાઓ હોય તો તે અંગે શ્રી ડોલરભાઈ કોટેચાને માર્ગદર્શન આપવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી, સાથે જણાવ્યું કે નીયમ અનુસાર જે પૈસા ભરવાના થતાં હોય તે આપીને આપણે આ બાબતે આગળ વધવું છે. અમદાવાદ ખાતે જો શક્ય બનતુ હોય તો આ બાબતે પ્રયત્નો કરવા જોઈએ. શ્રી ડોલરભાઈ કોટેચાને પ્રમુખશ્રીએ સુચન કરતાં જણાવ્યું હતું કે શ્રી ઉમંગભાઈ ઠકકર, અમદાવાદ માટે યોગ્ય વ્યક્તિત્વ છે તેમને માતૃસંસ્થા વતી સાથે રાખી આગળ માર્ગદર્શન આપવા જણાવ્યું હતું.

પ્રમુખશ્રીએ આ ચર્ચામાં આગળ જણાવ્યું કે આપણી અનેક સ્થાવર મીલ્કતો બીનઉપાર્જીત અવસ્થામાં રહેલ છે જુનાગઢની કન્યા છાત્રાલયની જમીન પણ તેમાંની એક છે. જો ટ્રસ્ટીઓ મન ઉદાર રાખી જે તે ટ્રસ્ટનાજ નેજા હેઠળ તેજ ટ્રસ્ટીઓના વડપણ હેઠળ બીનઉપર્જીત જગ્યા વેંચી અમદાવાદ જેવા સ્થળે જો કન્યા છાત્રાલયની સ્થાપના કરે તો સમાજની દિકરીઓને અભ્યાસ હેતુ ખુબજ ઉપયોગી થઈ શકીશું પ્રમુખશ્રીને પ્રત્યુતરે શ્રી ડોલરભાઈ કોટેચાએ સકારાત્મક પ્રતીસાદે જણાવ્યું કે ટ્રસ્ટ મંડળ સાથે આ બાબતે ચર્ચા કરી વહેલી તકે ઘટતુ કરશું. શ્રી ડોલરભાઈ કોટેચાના આ પ્રત્યુતરે સૌ સભાસદોએ ચર્ચા દ્વારા પ્રાપ્ત નિષ્કર્ષએ ચિંતન શિબીર ઉપયોગીતા અનુભવી હતી.

ચર્ચા દરમ્યાન શ્રી ચિરાગભાઈ વિઠલાણી દ્વારા ૨૦ વર્ષથી સંચાલીત યુસીવર્સી ઈનસ્ટીટયુટમાં જ્ઞાતીના વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા જેટલી રાહત આપવાનું જાહેર કર્યુ હતું. તેમજ કેરીયર કાઉન્સીલીંગની જરૂરીયાત અંગેની ચર્ચાએ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી જણાવ્યું હતું કે મુંબઈ અને મહારાષ્ટ્ર ઝોન તરફથી વર્ચ્યુઅલ કેરીયર કાઉન્સેલીંગનું આયોજન અગાઉ કરવામાં આવ્યું હતું. વિવિધ રિઝનમાં કાઉન્સેલરને રૂબરૂ ચર્ચા માટે આમંત્રીત કરવા અને વિશેષ કરી સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે પણ સૌ એ ધ્યાન આપી ઘટતું કરવાની જવાબદારી લેવી રહી.

છાત્રાલય સમિતિના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ઉનડકટ અને ઉપાધ્યક્ષ હસમુખભાઈ જોબનપુત્રા દ્વારા અનુક્રમે સંબોધને સૌ પ્રથમ શ્રી યોગેશભાઈએ જણાવ્યું હતું કે અમદાવાદ-મુંબઈ ખાતે અભ્યાસ માટે આવનાર વિદ્યાર્થીઓનો પ્રવાહ ઘણો જ છે, તેથી કન્યા છાત્રાલયની તાતી જરૂરીયાત ઉપર ભાર મુક્યો હતો. તેમજ કન્યા છાત્રાલયના નિર્માણ હેતુ પ્રમુખશ્રી દ્વારા વ્યવહારે મુકાએલ તત્પરતાની વીગતે માહીતી આપી હતી.




ઉપાધ્યક્ષ શ્રી હસમુખભાઈએ છાત્રાલય સંચાલન ક્ષમતા-પારદર્શીતા સાથે સંચાલન કરવા અંગે POP (માર્ગદર્શીકા) તૈયાર કરી અગાઉ સૌને મોકલ્યા અંગે જાણકારી આપી હતી પણ આ બાબતે ચર્ચા કરવા કોઈ આગળ આવ્યું ન હોવાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. પ્રમુખશ્રી સાથેની ચર્ચા દરમ્યાન જાણકારી પ્રાપ્ત થયા મુજબ ૬૫માંથી ફક્ત ૨૪ છાત્રાલયો કાર્યરત છે. આમ લગભગ ૪૧ જેટલા છાત્રાલયોની મીલક્ત બીનઉપાર્જીત અવસ્થાએ હોવાથી જો છાત્રાલયના ટ્રસ્ટઓ દૂરંદેશી દાખવી જરૂરતના સ્થળે છાત્રાલય નીર્માણ માટે નીર્ણય લે તો તે અંગે જરૂરી માર્ગદર્શન અને સહાય આપવાની માતૃસંસ્થાની તૈયારી છે. આ પ્રક્રિયામાં છાત્રાલયના જ ટ્રસ્ટીઓના અધીકાર અને સંચાલન હેઠળ જ પ્રવૃત્તીઓ અને મીલ્કતો રહે.

આગામી સમય દરમ્યાન કેન્દ્ર સરકારે નવ સ્થળે એજ્યુકેશન હબ (ઉચ્ચ અભ્યાસ કેન્દ્ર) બનાવવાનું આયોજન કર્યું છે. તે સ્થળોએ પણ ભવિષ્યમાં છાત્રાલયોની જરૂરત ઉભી થશે. વૈશ્વિક કક્ષાએ પ્રવૃત્ત આપણાં રઘુવંશીઓ આ બાબતે સહાયરૂપ થવા તત્પર છે, જેથી રઘુવંશી યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ બને. છાત્રાલય સમિતિની ચર્ચાની પૂર્ણતાએ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ જણાવ્યું કે માર્ગદર્શન અને અમલીકરણનું સંયુક્ત અને શ્રેષ્ઠ ઉદાહરણ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન વડાલા છે. હાલના તબક્કે અમદાવાદ અને આદીપુર માં બે સ્થળે નવા છાત્રાલય નીર્માણ થઈ રહ્યા છે. મુંબઈ સ્થીત માતૃશ્રી કાનબાઈ લાલબાઈ કન્યાશાળા માતબર ખર્ચે ઈન્ટરનેશનલ સ્કુલ બનવા જઈ રહી છે. તે અંગે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી અને શ્રી જનકભાઈ ઠકકરને શુભેચ્છા આપી હતી. છેલ્લે શ્રી હસમુખભાઈ જોબનપુત્રા શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન-વડાલાને ૪૩ વર્ષ સુધી સતત સેવા આપનાર અને અનેક રઘુવંશી યુવાનોનું ભવિષ્ય ઉજાગર કરવા નિમીતરૂપ સ્વ. ડૉ. રામજીભાઈ જીમુલીયાને યાદ કરી એક મીનીટનું મૌન પાળ્યું હતું.

મુંબઈ અને મહારાષ્ટ્ર ઝોન વતી સુચન કરવામાં આવ્યું હતું કે તમામ છાત્રાલયો માટે એક સમાન પ્રવેશપત્ર (ફોર્મ) ઓનલાઈન ભરવાનું જો નકકી કરવામાં આવે તો સમયાંતરે ખુબ જ સુવીધાજનક સ્થિતી બની શકે. આ તબક્કે શ્રી હસમુખભાઈ જોબનપુત્રાએ જણાવ્યું હતુ કે ડૉ. આર. જી જીમુલીયાના વડપણ હેઠળ અને શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન-વડાલાના યજમાન પદે દેશના તમામ છાત્રાલયોના ગૃહપતી - ગૃહમાતા, ટ્રસ્ટીઓ, પદાધિકારીઓની એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભા દરમ્યાન વર્તમાને ઉપસ્થીત મુદ્દાઓ સહીત અનેક જરૂરી બાબતે ચર્ચા કરવામાં આવી હતી પણ પરિણામ બાબતે ઉંડા ન ઉતરતાં ફરી એક વખત આ પ્રકારની એક સભાનું આયોજન કરીએ અને જરૂરી મુદ્દાઓનું ચર્ચા દ્વારા નીરાકરણ લાવવા પ્રયત્ન કરીએ. પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ આ પ્રકારનું અધીવેશન અમદાવાદ ખાતે બોલાવવા સત્વરે નીર્ણય લેવા સમિતિને જણાવ્યું હતું. સાથે જ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીઆ દ્વારા નવી મુંબઈ ખાતે સરકાર દ્વારા વ્યાજબી કીમતે છાત્રાલય માટેની જગ્યા ઉપલબ્ધ હોવાનું અને ઈચ્છુક ટ્રસ્ટોને વિચાર કરવા વિનંતી કરી હતી. જો કે પ્રાપ્ત જગ્યા મુંબઈના વિદ્યાલયોથી કેટલે અંતરે છે અને પ્રવાસ સુવીધાના આંકલન બાદ આગળ વધવું તેવું પણ સુચન થયું હતું.

# સ્કીલ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ સમિતિ




સ્કીલ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ સમિતિની ચર્ચામાં ભાગ લેતા જીતુભાઈ ઠકકરએ જણાવ્યું કે આપણું સૌથી પહેલું ધ્યેય સંપર્ક દ્વારા વિચારો અને પ્રવૃત્તિઓનું આદાન પ્રદાનનું કૌશલ્ય વિકસીત કરવાનું અનુક્રમે ઝોનલ પ્રમુખોનું રીઝનલ અને મહાજન તેમજ રીઝનલ પદાદીકારીઓનું મહાજન તેમજ ૨૭ સ્થાયી સમિતિના નીયુક્તી પામેલ પદાધિકારીઓ સાથેનો સંવાદ શકયતા અને અનુકુળતા મુજબ દર ત્રણ મહિને રૂબરૂ અથવા તો વર્ચ્યુઅલ સભા દ્વારા પ્રવૃતીઓની જાણકારી તેમજ સરકાર દ્વારા જનહીત જાહેર થએલ વિવિધ યોજનાઓની માહિતિઓની આપ-લે દ્વારા દરેક જ્ઞાતીજનને લાભાર્થી બનાવવા યોગ્ય પ્રવૃત થવું જોઈએ.

શ્રી જીજ્ઞેષભાઈ ભજીયાવાલાએ જણાવ્યું કે ગત સમય દરમ્યાન રાયપુર અને સુરત ખાતે વિવિધ ૧૨ થી વધુ શિક્ષણેતર વિષયો ઉપર માર્ગદર્શન અને શિક્ષણનું આયોજન વ્યવસાયલક્ષી ધ્યેય સાથે આયોજીત કરવામાં આવ્યું હતું. આગામી સમય દરમ્યાન પણ પસંદગીના વિષયોમાં કૌશલ્ય નીર્માણ સાથે પર્સનાલીટી ડેવલ્પમેન્ટ એટલેકે વ્યક્તિત્વ વીકાસ ક્ષેત્રે પણ પણ ચર્ચાસત્રોનું રૂબરૂ અને વર્ચ્યુઅલ આયોજન કરશું. અમે કારકીર્દી પસંદગીના ક્ષેત્રે પણ માર્ગદર્શન આપવા અંગે પણ કાર્યરત છીએ અને રહીશું.





આ તબક્કે પ્રમુખશ્રીએ જણાવ્યું કે શ્રી રાજેશભાઈ તન્ના સાહેબેએ પણ કહ્યું છે. કે જેમને ખરેખર જરૂરત છે તેઓ મહાજનો સુધી આવતા નથી તેવા પરિવારો સુધી મહાજનો પહોંચાવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. શ્રી ડોલરભાઈ કોટેચા અને શ્રી પ્રદીપભાઈ સામાણીને આગ્રહ ભર્યું સૂચન કર્યું હતું કે આપ રાજકીય ક્ષેત્રે આપની પ્રવૃત્તિઓ માટે




છેવાડાના નાગરીક સુધી પહોંચી સરકારી કાર્યો અને યોજનાનો લાભ સફળતાપૂર્વક પહોંચાડી શકો છો તેવી ''માર્ગદર્શન શીબીર'' આપના વડપણ હેઠળ રઘુવંશી કાર્યકર્તાઓ માટે કરો. આ સુચનનો બન્ને મહાનુભવોએ સહર્ષ સ્વીકાર કર્યો હતો અને શ્રી ડોલરભાઈ કોટેચા એ જણાવ્યું કે આજ રીતે દરેક મહાજન-સંસ્થા-છાત્રાલયના પ્રમુખે પદગ્રહણ પહેલાં પોતે તે પદ ઉપર રહી શું કાર્યો કરવાની નેમ ધરાવે છે, અને કાર્યકાળ પૂર્ણ થતાં પોતે કરેલ કાર્યોનો હિસાબ સમાજ સમક્ષ મુકે તો જવાબદારી અને પારદર્શીતા બન્ને જળવાશે.

પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ સ્કીલ ડેવલપમેન્ટ બાબતે શ્રી શૈલેષભાઈ સોનપાલ (સુરત ઝોન-૮) દ્વારા સંચાલીત ફ્રેન્કલીન ઈન્સ્ટીટયુટ જેના દ્વારા ચલાવવામાં આવતાં શીક્ષણેત્તર વિવિધ કોર્સ ઓછા અભ્યાસ હોવા છતાં નોકરી આવકની ખાત્રી આપી શકે તે મુજબના ચાલે છે. ફ્રેન્કલીન ઈન્સ્ટીટયુટની શાખાઓ સુરત-વડોદરા રાજકોટ ખાતે કાર્યરત છે.જયાં આપણાં વિદ્યાર્થીઓને ૩૦ ટકા સુધીની રાહત આપવામાં આવે છે.

શ્રી પ્રકાશભાઈ દાવડા રાયપુર ઝોન-૧૧ દ્વારા સ્કીલ ડેવલપમેન્ટનું મહત્વ સ્વીકારી રાયપુર સ્થીત તેમની સ્કુલ-કોલેજોના સંકુલ અને વ્યવસ્થાપન દ્વારા જો કોઈ ઝોન ને સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનર કોઈ પણ શાખાના તૈયાર કરવાની ઈચ્છા હોય તો તે માટે મદદરૂપ થવા તેમજ થનાર ખર્ચમાં ૨૫ ટકા જેટલું અનુદાન આપવાની પણ તૈયારી દર્શાવી હતી.





# આઈ-ટી સમિતિ









આઈ-ટી સમિતિ વતી શ્રી નીમેષભાઈ માણેકે પોતાની ટીમના સભ્યો શ્રી વૈભવભાઈ બુધ્ધદેવ, શ્રી કૌશલભાઈ ઠક્કર, શ્રી ધૈર્યભાઈ પટેલની ઓળખ કરાવવા સાથે માતૃસંસ્થાની દરેક સમિતિની પ્રવૃત્તીઓમાં આઇ. ટી. સમિતિની ઉપયોગીતા અને ઉપયોગ કરવા બદલ આભાર વ્યક્ત કરી. ટીમના સભ્યો દ્વારા સંભાળવામાં આવતી વિવિધ જવાબદારીઓની વિગતો આપી હતી. આ તબક્કે ''લગ્નસેતુ'' ને પૂર્ણ ક્ષમતાએ કાર્યરત કરવામાં નાની મોટી અડચણો આવતી રહી હોવાથી દિલગીરી વ્યક્ત કરી હતી. તેમજ જણાવ્યુ હતુ કે એડ. શ્રી કૃણાલભાઈ ગઢીયાના કાયદાકીય માર્ગદર્શન હેઠળ ''લગ્નસેતુ'' પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. લગ્નસેતુ પોર્ટલમાં મુકવામાં આવતી માહીતીની ચકાસણીની જવાબદારી ઝોનલ પ્રમુખ ને સોપવામાં આવી હોવાથી તે માટે સક્ષમ-જવાબદાર વ્યક્તિની નીમણુક કરવા અથવા જાતે જ અરજીની ચકાસણી કર્યા બાદ જ અરજી પોર્ટલમાં રજીસ્ટર થશે. શ્રી ધૈર્યભાઈ પટેલ અને શ્રી વૈભવભાઈ બુધ્ધદેવ એ પોર્ટલની યોગ્ય જાણકારી વિગતે આપી હતી જે પૈકી. ભુજ થી શ્રી નીતીનભાઈ ઠકકર, વેરાવળ થી શ્રી અનીષભાઇ રાજ દ્વારા પ્રાપ્ત સુચનો સાથે થેલેસેમીયા ટેસ્ટના રીપોર્ટ બાદ જ અરજી ને પોર્ટલ પર મુકવા સુચન કર્યું હતું જે સર્વાનુમતે સ્વીકારાયું હતું.

મધ્યાહન ભોજન વિરામે ટ્રસ્ટી શ્રી ઉમંગભાઈ ઠકકર (અમદાવાદ) ના ૬૦માં વર્ષ પ્રવેશે સૌએ શુભેચ્છાઓ આપી હતી.

# રઘુકુળ વિશ્વ અને પ્રિન્ટ મીડિયા સમિતિ





''રઘુકુળ વિશ્વ''ના તંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા માતૃસંસ્થા અંગે પ્રવૃત્તિઓનૌ ''રઘુકુળ વિશ્વ'' દ્વારા પ્રસારીત થતી બાબતોને સંક્ષેપમાં વિગતો આપતાં જણાવ્યું હતું કે પ્રમુખશ્રીએ પ્રથમ વર્ષ ભારત ભ્રમણ દ્વારા રાષ્ટ્રીય સંગઠન અને દ્વિતીય વર્ષે વૈશ્વિક ભ્રમણ દ્વારા આંતરરાષ્ટ્રીય સંગઠનને તેમજ રઘુવંશી ઉદ્યોગપતીઓ અને વ્યવસાયીકોને LIBF ના નેજા હેઠળ સંગઠીત કરી માતૃસંસ્થાના સંગઠનને સુદ્રઢ બનાવવાનો સફળ કર્મયજ્ઞ આદર્યો છે. માતૃસંસ્થા ''શ્રી લોહાણા મહાપરિષદ''નું સૌ પ્રથમ મુખપત્ર અઠવાડીક ખબર પત્રીકા ''શ્રી લોહાણા મહાપરિષદ''ના નામે શરૂ કર્યું. ઈ.સ. ૧૯૮૦ ''લોહાણા પરિવાર'' ત્યાર બાદ ''અસ્મિતા'' નામથી અને ૧૯૯૮માં તત્કાલીન પ્રમુખ સ્વ. શ્રી મથુરભાઈ મજેઠીયાના કાર્યકાળ અને ''શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ'' ના યજમાન પદે યોજાએલ કારોબારી સભામાં ''રઘુકુળ વિશ્વ''ના પ્રથમ અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું જે અત્યાર સુધી અવીરત પ્રકાશીત થઈ રહ્યું છે. વર્તમાને ''રઘુકુળ વિશ્વ''ને પ્રીન્ટ થી ડીજીટલ માધ્યમ સુધી પહોંચાડવામાં આવ્યું છે અને આ કાર્યમાં સહતંત્રી તરીકે શ્રીમતી મીનાબેન મગદાણીના સહકાર પ્રાપ્ત થયો છે. સૌ જ્ઞાતીજનોને વિનંતી કરતાં જણાવ્યું હતું કે ''માતૃસંસ્થાની અટારીએ'' પ્રમુખશ્રીનો પત્ર સૌએ વાંચવો જોઈએ કારણકે ટુંકા આલેખન દ્વારા પ્રમુખશ્રીએ શું કર્યું? શું કરી રહ્યા છે? ભવિષ્ય ની શું યોજનાઓ છે? આ બાબતોની છણાવટ કરવામાં આવે છે. સાથે જ તંત્રીલેખમાં પણ સાંપ્રત મુદ્દાઓને આવરી લેવામાં આવે છે. આપ સૌ મહાજન-સંસ્થાની પ્રવૃત્તીઓને પ્રચારાત્મક સ્થીતીએ મુકવા પ્રવૃત્તી સંબંધીત સંક્ષેપ માહિતી અને ફોટો મોકલવા જેથી અનેક રઘુવંશી પરિવારો સુધી આપની પ્રવૃત્તિઓનો અહેવાલ પહોંચી શકશે.



''રઘુકુળ વિશ્વ'' બાબતે પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી એ વિશેષમાં જણાવ્યું હતું કે ''દૈનિક સમાચાર'' ખુબજ ઓછા શબ્દોમાં મહાજનો - સંસ્થાઓ - છાત્રાલયો પોતાની પ્રવૃત્તિઓ અંગે માહિતીઓ તત્કાળ મોકલી શકે તો તે સમાચારો માતૃસંસ્થાની વેબસાઈટ ઉપર મુકી સત્વરે વૈશ્વિક કક્ષાએ સંસ્થાઓ દ્વારા થએલ પ્રવૃત્તીઓની જાણકારી મોકલી શકીશું.

# પર્યાવરણ સમિતિ




પર્યાવરણ સમિતિ તરફથી અધ્યક્ષશ્રી કિરીટભાઈ ભીમાણીએ ''વૃક્ષો વાવો ધરતી બચાવો'' ના નેજા હેઠળ ૫-૬-૨૦૧૬ રોજે અમદાવાદના મેયર અને શ્રી ઉમંગભાઈ ઠકકરની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ સાથે જ, ''પાણી બચાવો જીવન બચાવો'', સજીવ-ખેતી, સ્વચ્છ ઉર્જા અને ઈ વેસ્ટ રીસાઈકલ જેવી યોજનાઓ વિવિધ ઝોન-રીઝનમાં સ્થાનીક મહાજન-સંસ્થાઓના સહયોગે શરૂ કરી છે.



આ તબક્કે માતૃસંસ્થા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા સુચન કરવામાં આવ્યું હતું કે જે ઝોન-રીઝન-સ્થાનીય મહાજન, સંસ્થા દ્વારા શ્રેષ્ઠત્તમ કામગીરી થઈ હોય તેમને ''એન્વાયરમેન્ટ ચેમ્પીયન'' એવોર્ડ આપવાનું આયોજન કરવું જોઈએ. ભુજ થી શ્રી નીતીનભાઈ ઠકકર દ્વારા સુચન કરવામાં આવ્યું કે કોઈ પણ પારિવારીક શુભ કે ધાર્મિક પ્રસંગે પ્રસાદ કે ભેંટ રૂપે છોડ આપવા જોઈએ જેથી વૃક્ષારોપણનું કાર્ય વધુ સફળતા પામી શકે. અંકલેશ્વરથી શ્રી પરેશભાઈ ''મિયાવાકી પધ્ધતી'' દ્વારા અનેક ઉપયોગી સુચનો પર્યાવરણ માટે કરવામાં આવ્યા હતાં. અને ઝોન - રીઝન કક્ષાએ જરૂર પડયે સ્વખર્ચે જઈ કાર્યને મૂર્તીમંત કરવા તત્પરતા દર્શાવી હતી.



# આધ્યાત્મીક સંસ્કાર સમિતિ







આધ્યાત્મીક સંસ્કાર સમિતિની સ્થાપનાનો હેતુ સમજાવતા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું કે સનાતન ધર્મ અને હિન્દુ સંસ્કૃતીથી વર્તમાન પેઢીની વીમુખતા એ પુનઃ સંસ્કાર સિંચન અને પરિવાર ગઠન ની ઈચ્છા સાથે આ સમિતિ વર્તમાન કારોબારી સમિતિના કાર્યકાળે પ્રથમ વખત જ પ્રવૃત કરી છે. સમિતિના અધ્યક્ષ શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા અને શ્રી જીતુભાઈ ઠકકર ખૂબ જ ઉત્તમ રીતે કાર્ય કરી રહ્યા છે.

સમિતી વતી શ્રી જીતુભાઈ ઠકકરે જણાવ્યું કે વડીલો કહેતાં કે ''ભજન અને ભોજન'' સાથે કરીએ તો પરિવારમાં સંપ જળવાઈ રહે, આમ સંસ્કાર સાથે પરિવારમાં એક જૂથતા જળવાઈ રહે તેના પ્રથમ પ્રયાસે કોરોના કાળમાં ઝોન-૧૧ વતી શ્રી કીશનભાઈ મિરાણીએ ''ભાગવત કથા'' નું વચર્યુઅલ આયોજન કર્યું હતું જેમાં દરરોજ ૪૦૦ થી વધુ ભક્તજનો કથા શ્રવણનો લાભ લેતા હતાં અને કથા દરમ્યાન થએલ ખર્ચને બાદ કરી રૂા. ૧૬ લાખ જેટલું અનુદાન માતૃસંસ્થાની શીક્ષણ-આરોગ્ય સેવા યોજના માટે ભેગા કરી આપ્યા હતાં.

વિદુષી મનસ્વીબેનના ધાર્મિક પ્રવચનોનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. દર એકાદશીએ નાશીક સ્થીત શ્રી પરેશબાવા ગોસ્વામીજીના શ્રીમુખે ગીતાજીના એક એક અધ્યાયનું સંક્ષેપમાં સમજાવવામાં આવ્યું હતું. શ્રી ભુપેન્દ્રભાઈ પંડયા, શ્રી જીતેન્દ્રભાઈ દવે, શ્રી આનંદ સરસ્વતીજીના પ્રવચનો નો લાભ પણ લીધો.



આગામી સમય દરમ્યાન ઈચ્છીએ છીએ જો દરેક મહાજન-સંસ્થાઓ પોતપોતાના વિસ્તારમાં બાળ-સંસ્કાર કેન્દ્રોનું આયોજન કરે તો તેને લગતી તમામ જરૂરતો પૂર્ણ કરવા સમિતિ સક્ષમ છે. દરેક પરિવારના વડીલો પોતાના બાળકોને શ્લોક, સુભાષીત, ધાર્મિક વાર્તાઓ શીખવાડે અને તેની રજૂઆત બાળક દ્વારા કરાવી વીડીયો કલીપ માતૃસંસ્થાને મોકલવામાં આવે તો દર એકાદશીના યોજાતા પ્રવચન દરમ્યાન તે બાળકનું યોગ્ય સન્માન કરવામાં આવશે. શ્રી દિપકભાઈ રાજા એ કરેલ સુચનનો અમલ મુંબઈ સ્થીત પ્રવૃત્તીઓમાં થઈ જ રહ્યો છે જેમાં સૌ પ્રથમ બાળકોને નાની વાર્તાઓ સંભળાવવામાં આવે છે, ત્યાર બાદ તે વાર્તા સંબંધીત પ્રશ્નોત્તરી થાય છે, અને ધાર્મિક ગ્રંથો સંબંધીત પ્રશ્નોત્તરી થાય છે, આમ ધાર્મિક ગ્રંથો સંબંધીત પ્રશ્નોતરીના થએલ સુચનનો પણ અમલ થઈ રહ્યો છે તે આગામી સમય દરમ્યાન વીસ્તૃત રૂપે કરવામાં આવશે. અંકલેશ્વર થી શ્રી નરેશભાઈ એ સ્થાનીય સ્તરે ચાલતી પ્રવૃત્તીઓ અંગે જાણકારી આપતાં જણાવ્યું કે તેઓ બાળકને ગર્ભથી જ સંસ્કાર પ્રાપ્ત થાય તે પ્રક્રીયા રૂપે ગર્ભાધાનના બીજા મહિના બાદના સાત મહિનાના સમય ગાળામાં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા ગર્ભ સંસ્કારની પ્રવૃત્તી સાતેક વર્ષથી ચલાવવામાં આવે છે.









# સરકારી અધિકારી અને કર્મચારી સમિતિ




સરકારી અધિકારી અને કર્મચારી સમિતિની સ્થાપનાનો હેતુ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ સમજાવતા કહ્યું હતું કે આ સમિતિ દ્વારા તમામ રઘુવંશી સરકારી અધીકારી અને કર્મચારીને એકછત્ર હેઠળ એકત્રીત કરવા અને કેન્દ્રીયરાજ ય-ગ્રામ્ય સ્તરે ચાલતી સરકારી યોજનાઓનો જ્ઞાતીજનોને લાભ માટે મળે તે માટે ઉચીત માર્ગદર્શન તેમજ નીયમાનુસારના સરકારી કામકાજમાં ઉભી થતી મુંઝવણોને દૂર કરવા યોગ્ય સલાહ સુચન મેળવી કાર્ય પાર પાડી શકવાનો છે. આ સાથે જ કોઈ રઘુવંશી સરકારી કર્મચારી-અધિકારીની આપણા વિસ્તારમાં બદલી થઈ હોય તો તેમને પારીવારીક હુંફ સાથે સ્થાયી થવા મદદરૂપ થવાની ગણત્રી રહેલ છે.

સમિતિ અધ્યક્ષ શ્રી પંકજભાઈ ઓંધીયા એ પ્રારંભે કહ્યું કે ‘‘અજવાળું ફેલાવી જાણે એ સરસ મજાનું ફાનસ, માણસને કામ આવી શકે તેજ સરસ મજાનો માણસ’’ આ વૃત્તી સાથે જ આપણે સૌએ એકબીજાને મદદરૂપ થવાનું છે. આ સમિતિની સ્થાપના વખતે દરેક અધીકારી - કર્મચારીને નીમણુંક પત્રો આપતી વખતે ‘‘સમાજ ઉત્કર્ષથી રાષ્ટ્ર ઉત્કર્ષ’’ નું સૂત્ર કેન્દ્ર સ્થાને રાખી કાર્યરત રહેવાનું છે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ ચાલી રહી છે. આ યોજનાનો અન્ય સમાજના લોકો સારો એવો લાભ લઈ રહ્યા છે. આપણો સમાજ પણ યોગ્ય રીતે લાભ લઈ શકે તે હેતુસર સર્વે ફોર્મ બનાવવામાં આવ્યું છે જેમાં પરિવારોની ક્ષમતા અને જરૂરીયાતનો અભ્યાસ કરી યોગ્ય સલાહ - સુચન આપવાનો છે. આ કાર્યક્રમ માટે સ્થાનીય કક્ષાએ મહાજનો - સંસ્થાઓનાં સહકારની ખુબ જ જરૂરત પડશે. વિશેષમાં શ્રી પંકજભાઈ એ જણાવ્યું હતું કે આજના યુવાનો ‘વેબકુફ’’ બની ઈન્ટરનેટ ઉપર નકકામી બાબતોમાં સમય બરબાદ કરી રહ્યા છે તેને બદલે સર્જનાત્મક કાર્યો કે સમાજલક્ષી કાર્યો તરફ ધ્યાન આપશે તો આપણે ખુબ જ આગળ વધી શકવા સક્ષમ છીએ. આ સાથે જ વિવિધ સરકારી યોજનાઓની છણાવટ સભર માહિતી આપી હતી.





# મહિલા સમિતિ




મહિલા સમિતિની અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ ઝોનલ - રીઝનલ - મહાજન કક્ષાએ બહેનો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની સરાહના કરતાં વિવિધ ઝોનની પ્રવૃત્તિઓની માહિતી આપતાં જણાવ્યું કે મહિલા સમિતિ દ્વારા વર્ચ્યુઅલ અને રૂબરૂ બન્ને રીતે પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ગત સમય દરમ્યાન જૂનાગઢ ઝોન-૩ દ્વારા વીજળી બચાવો, મુંબઈ અને મહારાષ્ટ્ર ઝોન-૯ અને ૧૦ દ્વારા એક દિવસીય પ્રવાસ. ખપોલી-જાંબુલપાડા દ્વારા કેરમ-ચેસ-ટેનીસ-બેડમીન્ટન સ્પર્ધા, મુંબઈ (પશ્ચિમ) દ્વારા બોક્ષ ક્રિકેટ, ટેબલ ટેનિસ, બેડમીન્ટન સ્પર્ધાઓનું આયોજન. દક્ષીણ ગુજરાત ઝોન-૮ દ્વારા તંદુરસ્તી અને સ્વાવલંબન વિષય ઉપર વર્ચ્યુઅલ પ્રવચન અને ચર્ચા, મધ્ય ભારત ઝોન-૧૧ દ્વારા ઈન્ફોર્મેટીવ બેન્કીંગ વિષય પર સરળ શૈલીમાં વર્ચ્યુઅલ માર્ગદર્શન. સૌરાષ્ટ્ર ઝોન-૩ દ્વારા ભારતીય સંસ્કૃતીને ઉજાગર કરતી પૌરાણીક લઘુ કથાઓની મહીલાઓ દ્વારા એકપાત્રીય અભીનય સ્પર્ધા. જૂનાગઢ ઝોન-૩ દ્વારા બાળકોના સર્વાંગી વીકાસ અને સ્વરક્ષણ અંગે શીબીર. સૌરાષ્ટ્ર-૪ ભાવનગર દ્વારા બાળકનું ઉનાળુ શીબીરનું આયોજન. મહારાષ્ટ્ર ઝોન-૧૦ કોંકણ વિભાગ દ્વારા ''બ્રમ્હનાદ'' નો કાર્યક્રમના આયોજન સાથે મહિલા સમિતિ લઘુ ઉદ્યોગ દ્વારા નાગપુર વિદર્ભ ઝોન દ્વારા બેસ્ટ આઉટ ઓફ વેસ્ટના કાર્યક્રમ ઉપરાંત એક્ઝીબીશન દ્વારા આર્થીક ક્ષેત્રે પગભર થવાની સંભાવનાઓની પણ આશા રાખી રહ્યા છીએ. કતાર - દુબઈ - મસ્કત - યુગાન્ડામાં મહિલા સમિતિની પ્રવૃતીઓ કાર્યરત બની છે.




શ્રીમતી રશ્મિબેનએ વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ દિકરી રમતગમત કે શીક્ષણ ક્ષેત્રે સક્ષમ




બને અને આગળ વધવા ઈચ્છતી હોય તેમને આર્થીક બાબતે નિશ્ચિંતતા રાખી ક્ષમતા સિધ્ધ કરવા પ્રયત્નશીલ રહે, જોઈતી તમામ મદદ દિકરીઓને મળી રહેશે. માતૃસંસ્થાની દરેક સ્થાયી સમિતિઓની સ્વતંત્ર બાબતે જવાબદારી છે તે તમામ સમિતિઓની પ્રવૃત્તિ મહિલા સમિતિ દ્વારા થઈ રહી છે. રમતગમત, આધ્યાત્મીક, પર્યાવરણ, સ્ત્રી સશક્તીકરણ, ગૃહઉદ્યોગ, શીક્ષણમાં અંગ્રેજી શીખવવું, સ્વરોજગાર યોજના હેઠળ થતી પ્રવૃત્તીના ઘર વપરાશની ખાધ્યાન્ન શુધ્ધ અને પરંપરાગત રીતે બનાવી વેચાણ, ગર્ભસંસ્કાર, બાળ સંસ્કાર કેન્દ્ર, જેવી અનેક પ્રવૃત્તીઓ પરિવાર અને સમાજ ઉપયોગી સ્તરે કરી રહ્યા છીએ. તેમજ દિવ્યાંગ બાળકોને વધુ ઉપયોગી થઈ શકવા માટેની પણ યોજનાઓ ઘડી તે ક્ષેત્રે પણ પ્રવૃત્ત થવા પ્રયત્નશીલ છીએ. આગામી સમય દરમ્યાન અમરાવતી ખાતે ''વિશ્વ મહિલા અધીવેશન'' નું આયોજન કરવાની યોજના છે, આ બાબતે તારીખોની જાહેરાત ટુંક સમયમાં કરવામાં આવશે.




# લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમ - LIBF




''લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમ'' ની ચિંતન ચર્ચા હેતુ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી, સમિતિ અધ્યક્ષ શ્રી વિજયભાઈ કારીયા, ટ્રસ્ટીશ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી ઉમંગભાઈ ઠકકર, ખજાનચી શ્રી યોગેશભાઈ ઠકકર, શ્રી વસંતભાઈ અનારકટ, ઓડીટર આશીતભાઈ ઠકકર, એડવોકેટ શ્રી કુણાલભાઇ ગઢીયા મંચસ્થ થયા હતાં. ચર્ચા આરંભે જ માતૃસંસ્થા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ કહ્યું કે આ ચર્ચાનો મંચ સૌના વીચારો જાણવા માટે છે જેથી પ્રવૃતી સરળ અને સમાજલક્ષી બની શકે. ''લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમ''નો ધ્યેય વૈશ્વિક વ્યવસાયીક રઘુવંશીઓને એક છત્ર હેઠળ લાવવાનો છે. વર્તમાને યુગાન્ડા ખાતે ''લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમ''ના નેજા હેઠળ યુગાન્ડા ખાતે ૨૨ દેશો ના ૧૩૯ શહેરના ૯૫૦ થી વધુ રઘુવંશીઓ (૧૨૦ વ્યવસાયીક પ્રચાર હેતુ સ્ટોલ) સંગઠીત વ્યવસાયની સંભાવનાઓ હેતુ એકત્રીત થયાં હતાં. આ કાર્યક્રમમાં યુગાન્ડાના પ્રમુખે ત્રણ કલાક જેટલો સમય ફાળવ્યો હતો. તેમજ ફાઈનાન્સ મીનીસ્ટર અને ઈન્વેસ્ટમેન્ટ મીનીસ્ટરે પણ હાજરી આપી હતી પ્રમુખશ્રીએ યુવાનોને જ્ઞાતી સંસ્થા તરફ આકર્ષવા અને વ્યવસાય ક્ષેત્રે સંગઠન દ્વારા નવી તકોની




સંભાવનાઓ માટે સમિતિ અધ્યક્ષશ્રી વીજયભાઈ પ્રમોદ કારીયાને LIBF ના માળખાને વધુ સુદ્રઢ બનાવવા અપીલ કરી હતી. તેમજ આગામી વર્ષે વર્ષે ૧૮ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ LIBF 2024 Exhibition, હેલિપેડ એક્ઝિબીશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે કરવાનું નકકી થએલ છે.

સમિતિ અધ્યક્ષશ્રી વિજયભાઈ કારીયા પોતાના પ્રવચન પ્રારંભે જણાવ્યું કે યુગાન્ડા ખાતે થએલ LIBF ની સભાની સફળતાનું શ્રેય ભાગ લેનાર ૯૫૦ જેટલાં પ્રતિનિધી ૧૨૦ સ્ટોલ ધારકોને જાય છે. તો સાથે માતૃસંસ્થાના પ્રમુખશ્રી સતિષભાઈ, શ્રી ભરતભાઈ મુંબઈથી શ્રી સુભાષભાઈ ઠકરારનો (યુ.કે) શ્રી વીનયભાઈ દાવડા અને શ્રી સંજયભાઈ ઠકકર (યુગાન્ડા) નો સહકાર તેમજ શ્રી હસમુખભાઈ રાડીયા



- શ્રી સુધીરભાઈ રૂપારેલીયા ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી યોગેશભાઈ ઠકકર અને શ્રી અસીમભાઈ ઠકકરનો સહયોગ આમ સૌના સહકાર વગર કાર્ય સફળ ન થયું હોત.

LIBF ને શરૂઆતે એક વીચાર તરીકે રજૂ થતાં બીઝનેસ મીટ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ક્ષેત્રે જરૂરીયાતોને પણ લક્ષ્યમાં લેતા LIBF ને એક દીશા આપી ગંભીરતાપૂર્વક આગળના કાર્યોને અમલમાં મુકવા હોય તો એક કાયદાકીય માળખા હેઠળ સ્થાપના કરવી જોઈએ અને તે માટે સેકશન ૮ કંપની હેઠળ અને માતૃસંસ્થાના નેજા હેઠળ રજીસ્ટ્રેશન આગળ વધવા અંગે ચર્ચા ખુલા મને કરવા કહ્યું હતું. આ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા હેતુ કાયદાકીય જવાબદારીઓના પાલન હેતુ યોગ્ય માર્ગદર્શન આપવા સોલીસીટર એડ. શ્રી કુણાલભાઈ ગઢીયા ને આમંત્રણ આપ્યું હતું. આ ચર્ચામાં અનેક માન્યવર ઉપસ્થીતોએ ભાગ લીધો હતો તેમજ વિદેશથી ઝુમ એપ દ્વારા શ્રી બીમલભાઈ કંટારિયા (Kenya ઝોનલ પ્રમુખ), શ્રી ભરતભાઈ સોઢા (U.K. અને Urope ઝોન પ્રમુખ), ડૉ. શ્રી વિપીનભાઈ મીઠીયા (કેનેડા ઝોનલ પ્રમુખ), શ્રી સંજયભાઈ ઠકકર (યુગાન્ડા ઝોનલ સેક્રેટરી) શ્રી સુરૂભાઈ માણેક (USA ઝોનલ પ્રમુખ)પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં. તેમજ ઍડ. શ્રી કૃણાલભાઈ ગઢીયાએ કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું.








# યુવા સમિતિ










યુવા સમિતિ અધ્યક્ષ શ્રી ચિંતનભાઈ વસાણીએ પ્રારંભે જણાવ્યું હતું કે જ્ઞાતી યુવાનોને જ્ઞાતી સંસ્થા તરફ આકર્ષીત કરવાના રમતગમત ઉપરાંતની બાબતોમાં સૌથી મહત્વની બાબત છે વ્યવસાય ''લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેશ ફોરમ'' ના આયોજનમાં ભાગ લેનાર ૩૦૦ જેટલા યુવા પ્રતિનિધિઓ આજે પણ એકબીજાના સતત સંપર્કમાં છીએ આમ આ આયોજનની સફળ ફળશ્રુતી યુવાનોને વૈશ્વિક કક્ષાએ સંપર્ક સેતુ LIBF બની શક્યું છે.

શ્રી પાર્થભાઈ કોટેચાએ પોતાના વકતવ્ય દરમ્યાન જણાવ્યું હતું કે યુવાનોની ક્ષમતાનો ઉપયોગ શક્ય તે ક્ષેત્રે થઈ શકે તેમ છે. આગામી LIBF ના આયોજન વખતે અમોને પણ જે જવાબદારી સોંપવામાં આવશે તેને યોગ્ય રીતે પાર પાડવાની ખાત્રી આપીએ છીએ. આ સાથે જો ''લોહાણા બીઝનેસ નેટવર્ક'' દ્વારા વ્યવસાયીક વર્ચ્યુઅલ કે રૂબરૂ માધ્યમે સંપર્ક અને ચર્ચાનું સભાનું આયોજન કરવા માતૃસંસ્થા દ્વારા મંજુરી મળે તો યુવાનોનો ઉત્સાહ વધશે.




પ્રત્યુતરે પ્રમુખશ્રી દ્વારા સત્વરે આગળ વધવા મંજુરી આપતાં આગામી સમય દરમ્યાન રાજકોટ ખાતે નીતીનભાઇ રાયચૂરાના યજમાન પદે યુવા વ્યવસાયીકોની સભાનું આયોજન કરવાનું જાહેર કર્યું. સાથે જ વિવિધ વીસ્તારથી ઉપસ્થીત યુવા સમિતિના પદાધીકારીઓ પ્રવૃતિઓ અંગે આનંદ પૂર્વક જવાબદારીનું વહન કરવાની ખાત્રી ઉચ્ચારી હતી.



# મેડિકલ સમિતિ







પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ મેડિકલ સમિતિ ની કાર્યદ્ધતિ અંગે જણાવ્યું હતું કે ૧૦ વાગ્યે જો કોઈપણ અરજી આવે તો ૧૧ વાગ્યા સુધી ડૉ પ્રવીણ દૈયા અને ડૉ સુરેશ પોપટ દર્દીના પરીવારજનો સાથે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લઈ સાંજે ૪ વાગ્યા સુધી અરજીકર્તાને ઝડપથી મદદ પહોંચાડવાની તજવીજ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા દ્વારા કરવામાં આવે છે. આમ મેડિકલ સમિતિની કાર્યપધ્ધતી અનુકરણીય ગણાવી હતી.

છેવાડાના જ્ઞાતીજન સુધી માતૃસંસ્થા પહોંચી શકી છે તેનું એક દ્રષ્ટાંત આપતાં જણાવ્યું હતું કે જામનગરના એક બહેનને સારવારની જરૂરત પડતાં સ્થાનીય મહાજનથી ઝોનલ અને રીઝનલ કક્ષાએથી મેડીકલ સમિતિ સુધી આ અરજી પહોંચતા તે દર્દીને જામનગરના શ્રેષ્ઠ ડૉકટરો સાથે સંપર્ક સહાય અને આર્થીક મદદ સાથે અમદાવાદના ડૉકટરોનો સંપર્ક માર્ગદર્શન અને જરૂરી સહાય ઉપલબ્ધ કરાવી આપવામાં આપણે મદદરૂપ બની શકયા છીએ. આ રીતે જ મહાજન - ઝોનલ - રીઝનલ પદાધીકારીઓ પરસ્પર કડીરૂપ બની જોડાઈ કાર્ય કરશે તો દર્દીઓને સારવાર માટે યોગ્ય ડૉકટરના સંપર્ક, માર્ગદર્શન સાથે જરૂરી આર્થીક રીતે સહાયરૂપ બની શકીશું.

ડૉ. પ્રવીણ દૈયાએ જણાવ્યું હતું કે જ્ઞાતીજનોને ઝડપી અને ઉત્તમ સારવાર ઉપલબ્ધ કરાવી આપવા માટે સૌ મહાજન - ઝોનલ - રીઝનલ પદાધિકારીઓ પોતાના વિસ્તારના ડૉકટરોની વિગત માતૃસંસ્થાને ઉપલબ્ધ કરાવી આપે તો આપણે વધુ કાર્યક્ષમ બનશું. વૈદકીય ક્ષેત્રે લગભગ તાત્કાલીક મદદની જરૂરત હોય છે. આવા નાજુક સમયે દર્દી જે વિસ્તારનો હોય તે વિસ્તારના ડૉકટરનો સંપર્ક અને માર્ગદર્શન ખુબ જ ઉપયોગી નીવડી શકે છે. જયાં જયારે જરૂર હોય ત્યાં મોટા શહેરમાં વિશેષ તજજ્ઞોનો સંપર્ક અને માર્ગદર્શન આપી શકીએ તો દર્દીનો સારવાર માટેનો સમય, હાડમારી અને આર્થિક ક્ષેત્રે પણ બચત કરી શકીએ.

આ સાથે જ જો સ્થાનીય મહાજનો સાથે ઝોનલ અને રીઝનલ પદાધીકારીઓ સંપર્ક કેળવી ઝડપથી દર્દીની પરિસ્થીતી અંગે, તેમજ હોસ્પીટલમાં દાખલ થતી વખતેજ જો જાણ કરવામાં આવે તો હોસ્પીટલથી પણ







આર્થીક રાહત મેળવી આપવા મદદરૂપ થઈ શકીશું. ઘણી અરજીઓ તો સારવાર પતી ગયા બાદ બે - ત્રણ મહિના પછી મળતી હોવાથી જ્ઞાતીજનોને આપણે મદદરૂપ બની શકતા નથી કારણકે માતૃસંસ્થા તરફથી ફકત હોસ્પીટલના નામે જ ચેક આપવામાં આવતો હોવાથી દર્દીઓ મદદથી વંચિત રહી જાય છે. એટલે આ ક્ષતી બાબતે થોડી સાવચેતી અને સજાગતા રાખીએ.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી વૈદકીય મદદ માટેનું માર્ગદર્શન જો જ્ઞાતીજનોને આપવામાં આવે અને તે અંગેની જવાબદારી સ્થાનીય મહાજન સાથે ઝોનલ - રીઝનલ પદાધિકારીઓ સંભાળી લે તો પણ જ્ઞાતીજનો માટે ઉપયોગી અને મદદરૂપ બની શકીશું. વિવિધ વૈદકીય શીબીરોનું આયોજન જો સ્થાનીય મહાજનો કરવા ઈચ્છતા હોય તો શ્રી લોહાણા મહાપરિષદ માર્ગદર્શન અને મદદ આપવા ઈચ્છુક છે. શ્રી કૃષ્ણકાંત રૂપારેલીયા દ્વારા આ તબક્કે રાજય સરકાર દ્વારા નીર્દેશીત સહાય અંગેની પુસ્તીકા અંગે જાણકારી આપવામાં આવી હતી.

ડૉ. સુરેશભાઈ પોપટ દ્વારા મેડીકલ સમિતિના રીઝનલ પ્રમુખ ડૉ. અજયભાઈ સાંગાણીની ઓળખ કરાવતાં જણાવ્યું હતું કે ડૉ. અજયભાઈ સાંગાણી મૂળ કેશોદ તથા વેરાવળમાં હોસ્પીટલ ધરાવે છે. તેમની હોસ્પીટલમાં સરકારી યોજના હેઠળ સારવાર બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પ્રત્યુતરે ડૉ. અજયભાઈ સાંગાણી એ જણાવ્યું કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ભલામણ હશે તો જરૂરતમંદ જ્ઞાતીજન ને ૩૦ ટકા જેટલી રાહત આપવામાં આવશે જો સ્થાનીય મહાજનો દ્વારા ‘‘આયુષ્યમાન કાર્ડ’’ જ્ઞાતીજનો માટે ઉપલબ્ધ કરાવી આપવામાં આવે તો વૈદકીય ખર્ચની ઘણી મોટી રકમ આપણે શૈક્ષણિક સહાય માટે ઉપલબ્ધ કરાવી શકીશું. સાથે જ ધ્યાનાકર્ષક સુચના આપતાં જણાવ્યં હતુ કે બીમાર દર્દી પાસે જો ‘‘આયુષ્યમાન કાર્ડ’’ના હોય તો તત્કાળ (ઈમરજન્સી) કાર્ડ કઢાવી શકવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અમારી હોસ્પીટલમાં સરકારી યોજના હેઠળ ૮૦૦ થી વધુ શલ્ય ચિકીત્સા (ઓપરેશન) પાર પાડવામાં આવી હતી અને અમને શ્રેષ્ઠ કાર્ય કરતી હોસ્પીટલ તરીકે સન્માન પણ પ્રાપ્ત થયું હતું.

શ્રી વેરાવળ લોહાણા મહાજનના પ્રતિનીધીએ જણાવ્યું હતું કે વેરાવળ ખાતે સતત ચાર રવિવાર ‘‘આયુષ્યમાન કાર્ડ’’ માટે કેમ્પ રાખ્યો હતો અને ૩૦૦ જેટલાં કાર્ડ જ્ઞાતીજનોને ઉપલબ્ધ કરાવી આપવામાં આવ્યાં હતાં. આજ પ્રક્રિયા શ્રી જામનગર લોહાણા મહાજન દ્વારા આયોજીત કર્યા હોવાનું શ્રી જીતુભાઈ ઠકકરએ જણાવ્યું હતું.





પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ ડૉ. અજયભાઈ સાંગાણીની કાર્ય પ્રત્યેની સમર્પીતતાને વખાણી ઉપસ્થિત મહાનુભાવોના સાનીધ્યે શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. ઉપસ્થીત સૌ જ્ઞાતીજનોએ આ સન્માનને ઉભી થઈ તાળીઓના ગડગડાટે વધાવી લીધું હતું.

જ્ઞાતી શ્રેષ્ઠી, સહકારીક્ષેત્રે અગ્રણી, બીજેપીના વરીષ્ઠ કાર્યકર્તા શ્રી ડોલરભાઈ કોટેચાનું સન્માન પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠકકર, શ્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા અને અન્ય અગ્રણીઓના હસ્તે શાલ અને પ્રતીજ્ઞાપત્ર દ્વારા કરવામાં આવતાં શ્રી ડોલરભાઈ કોટેચાના સુચનથી યુગાન્ડા ખાતે યોજાયેલ LIBF ની વ્યવસાયીક મેળા વખતે પ્રસારીત પ્રતીજ્ઞાપત્રનું વાંચન અને પ્રતીજ્ઞા સૌ ઉપસ્થિત જ્ઞાતીજનોએ જમણા હાથની ખુલ્લી હથેળીએ લીધી હતી.

સન્માનના પ્રત્યુતરે શ્રી ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે જે સન્માન અને વિશ્વાસ સામાજીક અને જાહેર જીવનમાં મળ્યું છે, અત્યાર સુધીના જાહેર જીવનમાં કયાંય આપણા સમાજ અને પરિવારને નીચા જોવું ન થાય તેની સતત તકેદારી લીધી છે અને આ રઘુવંશીઓના સંસ્કાર અને પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી શકય બન્યું છે. આજે જ્ઞાતિના તરફથી માતૃસંસ્થાએ મારૂ સન્માન કર્યું તેનાથી મારા ઉત્સાહમાં વૃધ્ધી થઈ છે, સૌનો આભાર માન્યો હતો.





# ભવનાથ મહાદેવના આશિર્વાદ




શ્રી ગિરીશભાઈ કોટેચાની વિનંતીને માન આપી ભવનાથ મહાદેવના સંતો જ્ઞાતીજનોને આશિર્વાદ આપવા ઉપસ્થિત થયા હતાં. સનાતન ધર્મની શ્રેષ્ઠતા સાથે રઘુવંશી ગૌરવ ગીત સંતવાણીએ સાંભળી સૌએ ધન્યતા અનુભવી હતી. આશીર્વચને સંતોએ જણાવ્યું હતું કે ''સુમતી ત્યાં સંપતી, કુમતી ત્યાં વીપતી'' આપ સૌ રઘુવંશીઓને સુમતીનો રંગ ચડયો છે એટલે જ જ્ઞાતી, સમાજ, રાષ્ટ્ર ઉત્કર્ષની ભાવનાએ પ્રવૃત્ત રહ્યા છો. જલારામ બાપાનો પરિવાર, રામપ્રેમી પ્રજા સન્મુખ આશીર્વચનો આપવા ઉપસ્થિત થવાનો અમને પણ આનંદ છે.

સાધુ સંતોએ ભોળાનાથની આશીર્વાદ અને પ્રસાદ રૂપે પ્રમખશ્રી સતિષભાઈ વિઠલાણી અને શ્રી ગીરીષભાઈ કોટેચાને રઘુવંશી પરિવારના પ્રતિનિધી તરીકે ભગવા શાલ ઓઢાળી હતી.

તેજસ્વી તારલો

ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં ચી. પરમ સવજાણી 99.98% મેળવી ઉતર્ણી થયો આ વિક્રમી સિધ્ધી રૂપે સમગ્ર રઘુવંશી સમાજ તરફથી યુવાનનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા અભ્યાસ માટે આર્થીક બાબતે કયાંય અડચણ ભોગવવી નહી પડેની ખાત્રી આપી શ્રેષ્ઠતમ વિદ્યા પ્રાપ્ત કરવાની શુભેચ્છા આપી હતી.

શ્રી પોરબંદર લોહાણા મહાજનના પ્રમુખ દ્વારા અમદાવાદ ખાતે જો કન્યા છાત્રાલયનું નીર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે તો મહાજન દ્વારા ૨૫ લાખનું અનુદાન આપવામાં આવશે.



ઝોન-૩ દ્વારા રમતગમત સમિતિના ઝોનલ અધ્યક્ષ તરીકે અશોકભાઈ સીરોદરીયાને નીમણુંક પત્ર પ્રમુખશ્રી ના હસ્તે આપવામાં આવ્યો હતો.

શ્રી મીતલભાઈ ખેતાણી, શ્રી દીપકભાઈ રાજાણી, શ્રી બાલાભાઈ સોઢા, શ્રી સાગરભાઈ તન્ના-રાજકોટ પ્રમુખશ્રીનું અભીવાદન કરવામાં આવ્યું હતું. આ રઘુવંશી ભાઈઓ દ્વારા પશુ - પક્ષી ચીકીત્સા કેન્દ્ર અને પાંજરાપોળ-ગૌશાળાનું સંચાલન કરવામાં ચાલે છે. આગામી સમયે માતબર રકમના ખર્ચે વૃધ્ધાશ્રમના નીર્માણ માટે પ્રયત્નશીલ છે તેવું જણાવવામાં આવ્યું હતું.



# જલારામ મંદિરમાં આરતી







જુનાગઢ કારોબારી દરમ્યાન પ્રમુખશ્રી સતીષભાઈ અને મહિલા અધ્યક્ષ રશ્મિબેન જુનાગઢ જલારામ મંદિરની મુલાકાત લઈ આરતીનો પણ લાભ લીધો હતો. અહી મંદિરના પ્રણેતા અને ટ્રસ્ટી પ્રોફેસર શ્રી ઉનડકટ સાહેબે તેઓનું બહુમાન કર્યું હતું.

# જુનાગઢ ખાતે મહિલા સમિતિ મીટીંગનું આયોજન













શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ અધ્યક્ષા અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન વિઠલાણીના અધ્યક્ષા સ્થાને નગરશેઠની હવેલી પંચહાટડી ચોક, જુનાગઢ ખાતે તારીખ ૦૫-૦૬-૨૦૨૩ ના રોજ ગૃહ ઉદ્યોગ અને સ્વરોજગાર વિશે માર્ગદર્શન આપવા મિટિંગ યોજાઈ હતી. આ મિટિંગમાં જુનાગઢ ઝોનલ અધ્યક્ષા પૂજાબેન કારિયા દ્વારા મિટિંગમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને જુનાગઢમાં મહિલા








સમિતિ દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગૃહ ઉદ્યોગ સમિતિના કાજલબેન લાખાણીએ ગૃહ ઉદ્યોગમાં જે જે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને બહેનોને કઈ રીતે ગ્રહ ઉદ્યોગ કરવો, તેમાં આવતી મુશ્કેલીઓ અને તેનું નિરાકરણ ઉપરાંત સંગઠનની શક્તિ વિશેની માહિતી પણ આપી હતી.





મહિલા સમિતિના અધ્યક્ષા તથા ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન વિઠલાણીએ પૂજાબેન કારિયા, અલ્પાબેન ઉનડકટ, ગીતાબેન કોટેચા, કેશોદ થી પધારેલ દિપાલીબેન અને થેલેસેમિયાના અધ્યક્ષનું તેમજ માણાવદર થી પધારેલ મહાપરિષદ ના અધ્યક્ષનું સ્વાગત કરી મહાપરિષનો બેચ આપી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત મધુરમ વિસ્તારમાં એક નવા મંડળની સ્થાપના કરવામાં આવી હતી તેમનું પણ સ્વાગત કરવામાં






આવ્યું હતું. ટિફિન સર્વિસનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી પોતાના પરિવારનું ભરણ પોષણ કરતા બહેનો તેમજ અથાણાનો ગૃહ ઉદ્યોગ કરતા બહેનોને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જુનાગઢમાં ગૃહ ઉદ્યોગમાં સારી કામગીરી કરવા બદલ કાજલબેન લાખાણી ને પણ ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રીમતી રશ્મીબેન વિઠલાણી દ્વારા અગાઉ પણ ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિ કરતી બહેનો ને ગિફ્ટ મોકલાવી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શ્રીમતી રશ્મીબેન વિઠલાણીએ ઉપસ્થિત બહેનોને લોહાણા મહાપરિષદ દ્વારા સમગ્ર દેશમાં કઈ કઇ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે તે વિશે જાણકારી આપી હતી. ઉપરાંત બહેનોને આગળ વધવા માટે તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. શ્રીમતી પૂજાબેન કારિયાએ પણ જુનાગઢમાં કરવામાં આવતી તમામ પ્રવૃતિઓ વિશે વિગતે માહિતી આપી હતી ત્યારબાદ સર્વેએ તે દિવસે આયોજિત આનંદ મેળાની મુલાકાત લઈ અને ખરીદી કરી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો. આ સાથે સાથે તે જ દિવસે જુનાગઢને ઝળહળતુ કરનાર દિવંગત નગરશેઠની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. એકંદર કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીની આણંદી ખાતે મુલાકાત






વિશ્વ લોહાણા મહાપરિષદના પ્રમુખ - ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ સેવાભાવના અને સંગઠનના ભાવથી આણંદી જલારામ મંદિરે શનિવાર તા. ૬-૫-૨૦૨૩ ના રોજ એક મુલાકાત લઈ પ. પૂ. જલારામ બાપાના આર્શીવાદ મેળવ્યા હતા.

લોહાણા મહાપરિષદ વેસ્ટ મહારાષ્ટ્રના રીજનલ અધ્યક્ષ તથા આણંદી જલારામ મંદિરના ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી ધીરુભાઈ રાજા, જલારામ મંદિરના ટ્રસ્ટીઓ શ્રી રાજેશભાઈ મદલાની, શ્રી નરેન્દ્રભાઈ ચોટાઈ, શ્રી નારાયણભાઈ સોલંકી, શ્રી દિનેશભાઈ વારૂ તથા પૂના લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દિલીપભાઈ કોટક વગેરેએ હર્ષ સાથે મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને શાલ ઓઢાડી પૂ. જલારામ બાપાનો ફોટો અર્પણ કરી બહુમાન કર્યું હતુ. શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પણ ભાવ સાથે શ્રી ધીરુભાઈ રાજાને મહાપરિષદની શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કર્યો હતો.





# ઉત્તર ગુજરાત દેશી લોહાણા યુવક મંડળ દ્વારા અમદાવાદ ખાતે UGDLYM કપ ક્રિકેટ ટુર્નામેન્ટ



ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન અમદાવાદ પ્રેરિત ઉત્તર ગુજરાત દેશી લોહાણા અમદાવાદ યુવક મંડળ દ્વારા UGDLYM કપ ૨૦૨૩ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૫-૫-૨૦૨૩ થી તા. ૬-૬-૨૦૨૩ સુધી કરવામાં આવેલ હતું. જેમાં ૩૬ થી વધુ ટીમોએ અને ૫૭૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.



આ ટુર્નામેન્ટનો ભવ્ય શુભારંભ તા. ૨૫મી મે ગુરુવારના રોજ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદ ના પ્રમુખ - ટ્રસ્ટીશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, ખેતી બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ પોપટ, જીએસટી તથા એડીસી






બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ તથા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, આમ્રપાલી ગ્રુપના શ્રી રશ્મિભાઈ ઠકકર, લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હરિશભાઈ ઠકકર, લોહાણા મહાપરિષદના ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મંડળના પ્રમુખ શ્રી વિનોદભાઈ ઠકકર સહ સર્વે કારોબારી સભ્યોની સાથે સાથે સમગ્ર ગુજરાતમાંથી લોહાણા સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને ઉત્સાહભેર ઉજવણીઓ કરી રમતવીરોનું મનોબળ વધાર્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વાંકાનેરના ધારાસભ્ય શ્રી જીતુભાઈ સોમાણી, રાધનપુરના ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર, સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ તથા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી તથા વિવિધ મહાજનોના પ્રમખશ્રીઓ, મહાનુભાવો એ પણ હાજરી આપી હતી. રાષ્ટ્રગીત ના ગાન ની સાથે જલારામ બાપાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું અને ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમાજની એકતા માટેના એક મજબૂત પ્રયાસ રૂપે શરૂ કરાયેલી આવી ટુર્નામેન્ટ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ યોજી અને યુવા શક્તિમાં સેવા અને સંગઠનના ભાવને ઉજાગર કરવા તેમ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ - ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ જણાવ્યું હતું અને ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજનના ઉપક્રમે યોજાયેલ આ ટુર્નામેન્ટની પ્રશંસા કરી તેમના પ્રયાસને બિરદાવ્યો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા માતૃભાષા ગુજરાતીના નિ:શુલ્ક ઓનલાઈન વર્ગો લેવાયા

'ચાલો માતૃભાષા શીખીએ' આ ઉદ્દેશ સાથે આંતરરાષ્ટ્રીય સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દેશ-વિદેશના લોહાણા જ્ઞાતિના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને માતૃભાષા ગુજરાતી શીખવવાના ઓનલાઈન વર્ગો માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચના સંગાથે તા. ૨૨-૫-૨૩ થી તા. ૩૧-૫-૨૩ સુધી દરરોજ રાતના ૮.૦૦ થી ૯.૦૦ સુધી લેવામાં આવ્યા હતા. શરૂઆતમાં ૩૮ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. પ્રારંભિક દિવસે આ વર્ગો ખાસ આગ્રહી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ અને ટ્રસ્ટીશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ શુભેચ્છા સંદેશમાં અહીં જોડાયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપી વર્ગો માટે વિશેષ રૂચિ લીધેલ શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય કારોબારી સભ્ય અને માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચના મહામંત્રી લાલજી સરના આ સુંદર પ્રયાસની પ્રશંસા કરી હતી. શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન સતિષભાઈ વિઠ્ઠલાણીએ પણ આપણા વિદ્યાર્થીઓની માતૃભાષા શીખવાની જીજ્ઞાસાની પ્રશંસા કરી લાલજી સરને આ વર્ગો શરૂ કરવા માટે અભિનંદન આપ્યા હતા. માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચના પ્રમુખ શ્રી જગજીવનભાઈ તન્નાએ સાહિત્યકારોના ઉલ્લેખ સાથે કાવ્યાત્મક શુભેચ્છા આપી હતી. બીજા દિવસે ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગે પણ શુભેચ્છા સંદેશ આપ્યો હતો. ભાવનાબેન ઠક્કર (કેનેડા), નિશાબેન કોઠારી (કેન્યા), યામિનીબેન જોશી અને લાલજી સરે (મુલુંડ) નિસ્પૃહી સેવા આપી હતી. રક્ષાબેન દીક્ષિત અને દિપાલીબેન પટેલ સહ શિક્ષિકાઓ હતા. કંટ્રોલરૂમની વિશિષ્ટ સેવા વૈભવભાઈ બુધ્ધદેવએ સંભાળી હતી.









# શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ પોરબંદર

આજ રોજ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી અને પર્યાવરણ સમિતિના પ્રમુખ શ્રી કિરીટભાઈ ભીમાણીની પ્રેરણાથી પર્યાવરણ સમિતિ અભિયાન ''વૃક્ષ વાવો'' અંતર્ગત પોરબંદર જિલ્લામાં આવેલ ચમ મેમોરિયલ સ્કુલ ખાતે તથા કાલાવાડ ખાતે આવેલ ક્રિષ્ના સ્કૂલે વૃક્ષોરોપણનો તથા રોપા વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. તદુપરાંત આ કાર્યક્રમાં જે અમારા પર્યાવરણ પ્રેમી મિત્રો શ્રી હિરેનભાઈ પાઉં ડાયરેકટર, ગજાનંદ એકેડમી પ્રા. લિમિટેડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી યોગેશભાઈ પોપટ રિજિયોનલ અધ્યક્ષ, શ્રી લોહાણા મહાપરિષધ પર્યાવરણ સમિતિ પોરબંદર, શ્રી ભાર્ગવ મજીઠીયા રિજિયોનલ મંત્રી, શ્રી લોહાણા મહાપરિષધ પર્યાવરણ સમિતિ પોરબંદર, શ્રી કમલભાઈ પાઉં કારોબારી સભ્યશ્રી, શ્રી લોહાણા મહાપરિષધ પર્યાવરણ સમિતિ પોરબંદર ઉપસ્થિત રહી સમારોહને સફળ બનાવ્યો હતો.






# શાબાશ રઘુવંશી

**‘‘મોરના ઈંડા ચિતરવા ના પડે’’ કહેવત સાર્થક ઠરી ધોરણ ૧૨ ગુજકેટમાં બોર્ડમાં પ્રથમ નંબર મેળવી પોરબંદરના વિદ્યાર્થીએ સર્જ્યો ઈતિહાસ.**


પરેશભાઈ સવજાણી

**વી. જે. મોઢા કોલેજના પ્રિન્સિપાલ પરેશભાઈ સવજાણીના પુત્રની અનેરી સિધ્ધિઃ રાજકોટની મોદી સ્કૂલ-હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૯૮ પી. આર અને ગુજકેટમાં ૯૯.૯૯ પી. આર. મેળવ્યાઃ તેજસ્વી તારલા ઉપર થઈ અભિનંદનવર્ષા.**

મૂળ પોરબંદરનો તથા હાલ રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતો રઘુવંશી વિદ્યાર્થી તમામ રેકોર્ડ તોડીને ગુજકેટમાં ૯૯.૯૯ પી.આર. સાથે રાજયમાં પ્રથમ તથા ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૯૮ પી.આર. મેળવીને પોરબંદરનું ગૌરવ વધારતા આ વિદ્યાર્થીને જૂનાગઢ ખાતે મહાપરિષદની કારોબારીમાં પ્રમુખશ્રી સતિષભાઈ અને જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રીઓ દ્વારા બિરદાવાયો.

## પોરબંદર રઘુવંશી સમાજનું ગૌરવ...




પોરબંદરના સુતારવાડા વિસ્તારમાં આવેલ શ્રી ખોડીયાર એન્ટર પ્રાઈઝના જમીન મકાનના વેપારી શ્રી ગોપાલભાઈ લાખાણીના પુત્ર વધુ શ્રીમતી મનીષાબેન હરેન્દ્રભાઈ લાખાણીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. જુનાગઢમાં ડો. સુભાષ મહિલા કોલેજના પ્રોફેસર મસરીભાઈ એ. નંદાણીયાના માર્ગદર્શન હેઠળ ‘‘પોરબંદર જીલ્લાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ વિશેનો સમાયોજન અને મનોભારનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ શીર્ષક હેઠળ Ph. D ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના સાંદીપની આશ્રમ ખાતે આયોજીત સન્માન સમારોહમાં શિક્ષણ મંત્રી શ્રીની ઉપસ્થિતી શ્રીમતી મનીષાબેનને સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ ક્ષેત્રમાં લાખાણી પરિવારના પુત્ર વધુએ સાસરે આવીને આ સિદ્ધી મેળવી પરિવારને ગૌરવ અપાવેલ છે, તેમની આ સફળતા માટે મહાજન પ્રમુખ સંજયભાઈ કારીયા, માનદ મંત્રી રાજેશભાઈ લાખાણી તથા જ્ઞાતિ અગ્રણીઓએ અભિનંદન પાઠવેલ હતાં.

માતૃસંસ્થાશ્રી લોહાણા મહાપરિષદ શ્રીમતી મનિષાબેનને પોતાની સિધ્ધિબદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# ધ્યાની કોટકે સુરેન્દ્રનગર રઘુવંશી સમાજનું ગૌરવ વધાર્યું



ધ્યાની નેહલભાઈ કોટક

શ્રી લોહાણા હિતરક્ષક સમિતના નિષ્ઠાવાન કાર્યકર શ્રી નેહલભાઈ કોટકની દીકરી ચિ. ધ્યાની નેહલભાઈ કોટક જે ધોરણ ૧૦ માં ૯૭.૭૭ PR (Percentile Rank) લાવી ને સુરેન્દ્રનગર રઘુવંશી સમાજમાં પ્રથમ આવીને લોહાણા સમાજનું ગૌરવ વધાર્યું છે. ચિ. ધ્યાની કોટક - જલારામ બાપાના આર્શીવાદ થી ઉત્તરોત્તર પ્રગતિ કરે અને પરિવાર અને લોહાણા સમાજનું નામ રોશન કરે એવી પ્રાર્થના. ધ્યાનીને ઉત્તરોતર પ્રગતિ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની હાર્દિક શુભકામનાઓ.

**રઘુવંશી લોહાણા સમાજનું ગૌરવ વધારતી પાટણની વૈદેહી ઠક્કર.**



વૈદેહી ઠક્કર

ધોરણ - ૧૨નું પરિણામ જાહેર થતાં અનેક તેજસ્વી, ઓજસ્વી તેમજ મહેનતુ વિદ્યાર્થીઓએ સારા ગુણાંક મેળવી આગવી સિધ્ધિ હાંસલ કરેલ છે. પાટણના જયકૃષ્ણ મણીભાઈ ઠક્કર તેમજ શ્રીમતી નીલમબેનની લાડકવાયી દીકરી ચિરંજીવી વૈદેહીએ પણ ધોરણ - ૧૨માં ૯૦ ટકા તેમજ ૯૯.૫૬ પર્સન્ટાઈલ પ્રાપ્ત કરી પાટણ શહેર તેમજ સમગ્ર રઘુવંશી લોહાણા સમાજના ગૌરવમાં વધારો કરેલ છે. લોહાણા મહાપરિષદ ઉત્તર ગુજરાત ઝોનલ પ્રમુખ ભગવાનભાઈ બંધુ, પાટણ રીજીઓનલ ચેરમેન ધનરાજભાઈ ઠક્કરે વૈદેહી ઠક્કરને ઝળહળતી સફળતા બદલ અભિનંદન આપી અનહદ રાજીપો વ્યક્ત કરેલ છે. માતૃસંસ્થા મહાપરિષદ ચિ. વૈદેહીને ઉજ્જવળ કારકીર્દી માટે શુભકામના પાઠવે છે.

# રઘુવંશી સમાજનું ગૌરવ વધારતી ક્રિષા મહેશભાઈ ઠક્કર



ક્રિષા મહેશભાઈ ઠક્કર

રઘુવંશી લોહાણા સમાજનું ગૌરવ વધારતી ક્રિષા મહેશભાઈ ઠક્કર ધોરણ - ૧૨માં (સાયન્સ પ્રવાહ) ગુજરાત બોર્ડની પરિક્ષામાં PR ૯૯.૯૯ સાથે સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે ઉર્તીણ થઈ 'લોહાણા જ્ઞાતિનું ગૌરવ' વધારવા બદલ ચિ. ક્રિષા અને મહેશભાઈ ઠક્કર પરિવારને માતૃસંસ્થા મહાપરિષદ વતી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.

# કાન્સ ફેસ્ટિવલ દુનિયાનો સૌથી મોટો ફેસ્ટિવલ



**કોમલ ઠક્કર**


૧૯૪૬માં શરૂ થયેલ કાન્સ ફેસ્ટિવલ દુનિયાનો સૌથી મોટો ફેસ્ટિવલ માનવામાં આવે છે. આ વર્ષે પણ તારીખ ૧૬મી મે થી ૨૭ મી મે દરમિયાન ફ્રાન્સ ખાતે ૭૬મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરવાની તક લાખોમાં ભાગ્યે જ કોઈકને મળે છે, ત્યારે આ તક આપણી લોહાણા જ્ઞાતીની દિકરી કોમલ ઠક્કર ને સતત બીજી વખત મોકો મળતા ગુજરાતી સિનેમા ને જ નહીં લોહાણા સમાજને પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ અપાવ્યું છે. આ તક કોમલ ઠક્કર ને મળતા ફક્ત ગુજરાતનું જ નહીં લોહાણા સમાજનું નામ સમગ્ર વિશ્વમાં ગુંજતું થયું છે. કચ્છી લોહાણા અભિનેત્રી કોમલ ઠક્કર સતત બીજા વર્ષે ૭૬ માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ચમકી છે. રેડ કાર્પેટ ને ગ્રેસ કરવા માટે તે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી અને લોહાણા સમાજમાંથી એકમાત્ર પ્રતિનિધિ તરીકે હાજર રહી હતી.

## અમદાવાદના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ઝેનીથ ફાર્મા વાળા શ્રી મહેન્દ્રભાઈ રાયચાને ઈન્ડીયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડીયા ગુજરાત રીજયોનના ૨૦૨૩ના પદવીદાન સમારોહમાં મળેલ ગેસ્ટ ઓફ ઓનર

અમદાવાદના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને દવાની ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ ઝેનીથ ફાર્માવાળા શ્રી મહેન્દ્રભાઈ રાયચાને તાજેતરમાં યોજાએલ ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા, ગુજરાત રીજયોનના મે-૨૦૨૩ના પદવીદાન સમારોહમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે આમંત્રણ મળેલ જે પદવીદાન સમારોહ અમદાવાદ બોડકદેવ ખાતે આવેલ પંડિત દિનદયાલ હોલમાં યોજાયો હતો. જેમાં ગુજરાતના ૮૦૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમના માતા-પિતા સાથે હાજર રહ્યા હતા. આ સમારંભ ધી ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયો હતો. પ્રેસિડેન્ટ તરીકે શ્રી અંકિત સુનીલ તલાટી તથા વાઈસ પ્રેસીડેન્ટ શ્રી રણજીતકુમાર અગ્રવાલ (સીએ) ના નેજા હેઠળ યોજાયો હતો. આ સમારંભમાં શ્રી મહેન્દ્રભાઈ રાયચાએ ગેસ્ટ ઓફ ઓનર તરીકે સ્થાન મેળવી લોહાણા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. તેઓને અમો અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.



# નીટની પરીક્ષા બાદ પરિણામ જાહેર થતા જુનાગઢના સોહમ મશરૂએ ઈતિહાસ રચ્યો



સોહમ મશરૂ

**૭૨૦ માંથી ૭૦૫ માર્કસ મેળવી જુનાગઢ જિલ્લાનો રેકોર્ડ પોતાના નામે અંકિત કર્યો.**

નીટની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થતા શહેરની ખ્યાતનામ એકલવ્ય પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતા હોનહાર વિદ્યાર્થી સોહમ મશરૂએ ૭૨૦ માર્કસમાંથી ૭૦૫ માર્કસ સાથે સમગ્ર ભારતમાં ૧૪૨ મુ સ્થાન અને જુનાગઢ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ પોતાને નામે અંકિત કરી લીધી છે. રેકોર્ડ બ્રેક પરિણામ મેળવનાર સોહમ મશરૂ જિલ્લાનો પ્રથમ વિદ્યાર્થી છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સોહમને ઉજવળ કારકિર્દી માટે શુભકામના સહ અભિનંદન પાઠવે છે.

# રઘુવંશી સમાજનું ગૌરવ અનેરી મયુરભાઈ કોટક

અનેરી મયુરભાઇ કોટક સમગ્ર ગુજરાતમાં બેટમિન્ટન માં પ્રથમ નંબર અને સમગ્ર દેશમાં આજે લખનઉ ખાતે સેમીફાઈનલ જીતી ફાઈનલમાં આવી સમગ્ર ભારતમાં બીજા નંબરે આવેલ છે. પરીવારનું ગૌરવ વધારેલ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અનેરી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી ઉત્તરોતર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવે છે.






# "રઘુવંશી રમતોત્સવ-૨૦૨૩"



મધ્ય ગુજરાતમાં વસતા સૌ રઘુવંશીઓ એક બીજાથી પરિચિત થાય, નજીકતા કેળવે અને એ રીતે સંગઠનની ભાવના વધુ દ્રઢ બને તેવા હેતુથી આણંદ લોહાણા મહાજન આયોજીત આણંદ, ખેડા અને વડોદરા જીલ્લાના રઘુવંશી ભાઈ બહેનો માટે ૬ વર્ષ થી લઈને ૭૨ વર્ષના જ્ઞાતિ ભાઈ - બહેનો વચ્ચે યુએનઆઈ એસઓએસ ફાઈનાન્સ અને ઉર્મિન ગ્રુપ ઓફ કંપનિઝ "રઘુવંશી રમતોત્સવ - ૨૦૨૩" ગુજરાતના ખ્યાતનામ ૭ સ્પોર્ટસ એકેડેમી બાકરોલ - વલ્લભ વિદ્યાનગર ખાતે ગત તારીખ ૨૮ મે ને રવિવારના રોજ સવારે ૭.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી ખુબ ઉલ્લાસમય માહોલમાં સફળતાપૂર્ણ સંપન્ન થયો.

ચેસ, કેરમ, ટેબલટેનિસ, ટેનિસ, સ્વીમિંગ, બેડમિન્ટન, બોકસ ક્રિકેટ, વોલીબોલ અને ફિલ્ડ ક્રિકેટ જેવી નવ જેટલી રમતોમાં મધ્ય ગુજરાતમાંથી ૧૩૦ કરતા પણ વધુ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. દરેક રમતમાં ઉંમર પ્રમાણે





જુદા જુદા વિભાગ (મહિલા વિભાગ સહિત) અનુક્રમે સેકન્ડ રનરઅપ, રનરઅપ તેમજ વિજેતા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી, જે સર્વને ઠક્કરવાડી ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં રમતના સૌજન્ય દાતાશ્રી અંતર્ગત ટાઈટલ સ્પોન્સરર એસઓએઅ ફાયનાન્સના શ્રી ચેતન રાયકુંડલીયા, ઉર્મિન ગ્રુપ ઓફ કંપનિઝના શ્રી રાજેન્દ્રભાઈ એન. મજીઠીયા, શ્રી વિજયભાઈ પી. ઠક્કર, શ્રી જયેશભાઈ ડી. ઠક્કર, ડો. દિપન અને ડો. ઉષા ઠક્કર શ્રી મયુર કોટક, શ્રી અમિત માવાણી, શ્રી કૃણાલ મગનલાલ રૂપાવેલ, શ્રી કિરીટભાઈ કે. ઠક્કર, શ્રી અમીતભાઈ એસ. ઠક્કર, શ્રી નટુભાઈ એમ. ઠક્કર, શ્રી નટુભાઈ પી. ઠક્કર, શ્રી પ્રવિણચંદ્ર એમ. ઠક્કરના હસ્તે ટ્રોફી, મેડલ તેમજ સર્ટિફીકેટ આપી બહુમાન કરવામાં આવ્યું.

દરેક સમગ્ર રમતોત્સવ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ઠક્કર, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ઠક્કર, મંત્રીશ્રી નટુભાઈ ઠક્કર, સહમંત્રી પ્રવિણભાઈ ઠક્કર, પ્રોફે. ચન્દ્રકાન્તભાઈ જે. તન્ના ના માર્ગદર્શન હેઠળ ઉત્સાહી યુવાનો શ્રી મયુરભાઈ કોટક, શ્રી અમીતભાઈ માવાણી, શ્રી ચેતનભાઈ રાયકુંડલીયા, શ્રી હાર્દિકભાઈ ઠક્કર, શ્રી ઓમભાઈ, દક્ષાબેન ઠક્કર, પૂજાબેન ઠક્કરની મહેનતથી ખુબ સફળ રહ્યો હતો. આ સૌનું બહુમાન પ્રમુખશ્રી પ્રવિણભાઈ ઠક્કર એ કર્યું હતું. આ પ્રસંગે રમતવિરોને પ્રોત્સાહીત કરવા ઉર્મિન ગ્રપ વતી અમદાવાદ થી શ્રી રાજેન્દ્ર મજીઠીયા અને ક્રિષ્ણાબેન મજીઠીયા, અમૃતવાડીના મંત્રી શ્રી અતુલભાઈ પવાગઢી, વિદ્યાનગરની બન્ને છાત્રાલયોના મંત્રીશ્રીઓ પ્રદિપભાઈ ઠક્કર, રીટાબેન ઠક્કર તેમજ આમંત્રીતો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા આ ઈનામ વિતરણ સમારોહમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ






ઠકકરે સૌને આવકારી આટલી મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ સૌને બિરદાવ્યા હતા રમતોત્સવનો વિગતે અહેવાલ શ્રી અમિતભાઈ માવાણીએ આપ્યો હતો તેમજ આભાર વિધિ મંત્રીશ્રી નટુભાઈ ઠકકરે કરી હતી સમગ્ર સમારોહનું સુંદર સંચાલન પ્રોફે. શ્રી ચન્દ્રકાન્ત જે. તન્ના એ કર્યું હતું.






# મહાપરિષદ, આણંદ-ખેડા રિજન દ્વારા રક્તદાન કેમ્પનું સફળ આયોજન સંપન્ન






માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ આણંદ-ખેડા રિજન દ્વારા રેડક્રોસ સોસાયટી આણંદના સહયોગથી રિજન પ્રમુખશ્રી પરેશભાઈ કારિયા ના જન્મદિવસ નિમિત્તે કેક કાપીને પાર્ટી ફંકશન અને મીજબાની કરવાને બદલે એક માનવતા પૂર્ણ કાર્ય ''રક્તદાન શિબિર'' નું સુંદર આયોજન રેડક્રોસ બિલ્ડીંગ, આણંદ ખાતે તારીખ ૨૬ જુન, ૨૦૨૩ના રોજ જ્ઞાતિ શ્રેષ્ઠિઓની ઉપસ્થિતિમાં સુંદર રીતે સંપન્ન થયું હતું.

દર વર્ષે વિશ્વભરમાં ૧૪ જૂનના દિવસને ''વર્લ્ડ બ્લડ ડોનર ડે'' તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે WHO આ દિવસ માટે એક (સ્લોગન) સૂત્ર નકકી કરે છે. આ વર્ષનું સ્લોગન છે. ''Be there for someone else. Give blood. Share life.'' માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પણ આવા જ ભાવ સાથે કાર્ય કરતી જ્ઞાતિની વૈશ્વિક સંસ્થા છે. ''સંગઠન, સંનિષ્ઠા અને સેવા દ્વારા સિદ્ધિ'' ના ધ્યેય મંત્ર સાથે કાર્યન્વિત મહાપરિષદ પોતાના આ ઉદ્દેશને સિદ્ધ કરવા અનેકાનેક પ્રવૃત્તિઓ કરે છે.




જેના ભાગરૂપે આણંદ ખાતે શિક્ષણ, આરોગ્ય, રમતગમત, મહિલા ઉત્કર્ષ જેવી પ્રવૃત્તિઓની સાથે સાથે માનવ સેવાની પ્રવૃત્તિઓ પણ અવારનવાર યોજાય છે. જે અંતર્ગત ''રક્તદાન શિબિર'' નું આયોજન હાથ ધરાયું હતું. જેમાં વિદ્યાનગરની બંન્ને છાત્રાલયો, વિદ્યાર્થી ભવન અને કન્યા છાત્રાલયના છાત્ર, આણંદ - વિદ્યાનગરના જ્ઞાતિજનોએ જોડાઈને ૫૮ બોટલ રક્તનું દાન કરી શ્રી પરેશભાઈના ૫૮માં જન્મદિવસને યાદગાર બનાવ્યો હતો. સમગ્ર આયોજનમાં શ્રી પરેશભાઈ કારીયા, પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી તેમજ પરેશભાઈ

કારીયાના પિતાશ્રી હસમુખભાઈ કારીયાની પ્રેરણા અને રિજન મંત્રી શ્રી ભરતભાઈ ઠકકર તેમજ રઘુકુળ વિશ્વના તંત્રી પ્રોફેસર ચન્દ્રકાન્તભાઈ તન્નાનો ઉત્સાહપૂર્વક સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. રઘુવંશી જ્ઞાતિજનો શ્રી નવલભાઈ ઠકકર, શ્રી ડીમ્પલ રાયકુંડલીયા, મનિષાબેન ઠકકરે રક્તદાન કરી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જ્ઞાતિનિષ્ઠ શ્રી હસમુખભાઈ કારિયા, શ્રી અતુલભાઈ પાવાગઢી, શીલાબેન વિઠલાણી, દિપ્તીબેન તન્ના, હેમાંગભાઈ મિરાણી, જગદીશભાઈ, જીગ્નેશભાઈ હરિયાણી વગેરેએ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.






# શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન અને મુંબઈ ઝોન દ્વારા પ્રોફેસર અને CA શ્રી પરાગભાઈ ઠકકર સાથે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન




શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન અને મુંબઈ ઝોન દ્વારા દર વર્ષની જેમ તારીખ ૨૮ મે ૨૦૨૩ના રોજ પ્રોફેસર અને CA શ્રી પરાગભાઈ ઠકકર સાથે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ત્રણ કલાકના સળંગ સેશન દરમ્યાન મહારાષ્ટ્ર અને ગુજરાત થી ૨૦૦ થી વધુ સહભાગીઓએ લાભ લીધો હતો અને સ્પીકર CA શ્રી પરાગભાઈ ઠકકરે વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલ ૬૦ થી વધુ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા. અને ત્યારબાદ શ્રી પરાગભાઈ એ જણાવ્યું કે આ સેશન પછી પણ એડયુકેશનને લગતા કોઈ પણ મૂંઝવતા પશ્નો માટે શ્રી પરાગભાઈના ઈમેલ મારફતે ઉત્તર મેળવી શકાશે. વેબિનારની શુભ શરૂઆત સવારે ૧૦.૩૦ કલાકે શ્રી રઘુકુળ પ્રાર્થના દ્વારા કરવા માટે હર્ષદભાઈ મણીઘરે રજુઆત કરી હતી.


શ્રીમતી સ્વાતિબેન દ્વારા વેબિનારમાં હાજર રહેલ સર્વેને આવકારવામાં આવ્યા હતા. આ વેબિનારના મુખ્ય વક્તા CA શ્રી પરાગભાઈનો સંક્ષિપ્ત પરિચય શ્રી ભરતભાઈ ચંદને કરાવ્યો હતો.

શ્રી કેયુરભાઈ એ વિદ્યાર્થી અને વાલીઓના શૈક્ષણિક બાબતે મૂંઝવતા પ્રશ્નોની રજુઆત CA શ્રી પરાગભાઈ સમક્ષ રાખી જેના સંતોષકારક અને સચોટ ઉત્તર CA શ્રી પરાગભાઈ એ આપ્યા હતા.

આ ઓનલાઈન વેબિનારમાં, LMP પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, LMP વરિષ્ઠ ઉપ. પ્રમુખ શ્રી

જીતુભાઈ ઠક્કર, LMP મા. મંત્રી ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, LMP ખજાનચી CA શ્રી યોગેશભાઈ ઠક્કર, LMP એડયુકેશનલ અધ્યક્ષ શ્રી જયેશભાઈ ઠક્કર, LMP મહારાષ્ટ્ર ઝોનલ પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, LMP મહારાષ્ટ્ર ઝોનલ ઉપ. પ્રમુખશ્રી બિપીનભાઈ બાટવીયા, LMP મુંબઈ પ્રમુખ શ્રી પિયુષભાઈ ગંઠા, LMP મહારાષ્ટ્ર ઝોનલ મંત્રી શ્રી હર્ષદભાઈ મણીઘર, પશ્ચિમ મહારાષ્ટ્ર રિજનલ પ્રમુખશ્રી ધીરુભાઈ રાજા, શ્રી તરુણભાઈ લાલાઈ, શ્રી હેમંતભાઈ ઠક્કર, ડૉ. શ્રી પ્રવિણભાઈ દૈયા, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી ચિંતનભાઈ વસાણી, ઔરંગાબાદ થી ડૉ. પ્રવીણભાઈ સોમૈયા, માલેગાવ થી શ્રી રાજેશભાઈ દત્તાણી, ખપોલી થી શ્રી અભયભાઈ તન્ના, થાણા થી શ્રી કેતનભાઈ ઠક્કર, મુલુંડ થી શ્રી લાલજી સર, શ્રી તરુણભાઈ કોટક, નવી મુંબઈ થી શ્રીમતી ભાવનાબેન કેસરીયા, શ્રીમતી શિલ્પાબેન કારિયા, શ્રીમતી આશાબેન મણીઘર, શ્રીમતી નીપાબેન, ઉરણથી શ્રીમતી સ્વાતીબેન ઠક્કર, પૂના થી શ્રીમતી કૃતિબેન નાગ્રેચા - શ્રી કેયુરભાઈ પોપટ (પનવેલ), શ્રી ભરતભાઈ ચંદન (ઉલ્હાસનગર) અને ઘટક મહાજન પ્રમુખો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

તમામ સહભાગીઓએ આવી ઉપયોગી ઓનલાઈન સેમિનારનું આયોજન કરવા બદલ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા અને શ્રી પિયુષભાઈ ગંઠા તથા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



# શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ નાગપુર રિજનલ મહિલા સમિતિ દ્વારા Carrier Counselling

શ્રી લોહાણા મહારિષદ વિદર્ભ મહિલા વિભાગ નાગપુર રિજનલ મહિલા સમિતિ દ્વારા Carrier Counselling વિશે માહિતી આપતો કાર્યક્રમ Passion To Profession નું આયોજન શ્રી લોહાણા મહાજન વાડી ગાંધી બાગ ખાતે તા. ૨-૬-૨૦૨૩ના સાંજે ૫.૦૦ વાગ્યે કરવામાં આવેલ. પ્રમુખ વકતા આપણી જ્ઞાતિના જાણીતા કાઉન્સેલર કોચ શ્રીમતી શ્રદ્ધાબેન કારીયા હતાં. એમણે ધોરણ ૧૦ અને ૧૨ પછી વિદ્યાર્થીઓ ને કયા કયા કોર્સ લેવા જોઈએ તે અંગે સુંદર માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સારી એવી ઉપસ્થિતિ હતી. આયોજન નાગપુર રિજનલ મહિલા અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન ઠક્કર રૂપારેલીયાની અધ્યક્ષતામાં સંપન્ન થયો. તે સિવાય LMP નાગપુર રિજનલ મહિલા ગૃહ ઉદ્યોગ અધ્યક્ષા શ્રીમતી હેમાબેન રાજા અને મંત્રી શ્રીમતી સીમાબેન માનસેતા પણ ઉપસ્થિત રહ્યા હતા. એકંદરે કાર્યક્રમ ખુબ સફળ રહ્યો.







# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કોંકણ વિભાગ મહારાષ્ટ્ર



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કોંકણ વિભાગ મહારાષ્ટ્રના ઉપક્રમે શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ મહિલા સમિતિ સથવારે સેલ્ફ રીયલાઈઝેશન સાથે સાઉન્ડ હીલિંગ દ્વારા વૈશ્વિક ચેતના અને વ્યક્તિગત મનનું જોડાણનો કાર્યક્રમ તા. ૨૬-૦૫-૨૦૨૩ શુક્રવારના રોજ અનુક્રમે રાધાબેન ઠક્કર અને ગાયત્રીબેન ઠક્કર દ્વારા નવી મુંબઈ ખાતે યોજવામાં આવ્યો હતો.





શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના અધ્યક્ષા - ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન ઠક્કર, શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્રના સેક્રેટરી શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રી લોહાણા મહાપરિષદ સેન્ટ્રલ મુંબઈના અધ્યક્ષા શ્રીમતી દેવયાનીબેન ઠક્કર, શ્રી લોહાણા મહાપરિષદ કોંકણ વિભાગ રમતગમતના અધ્યક્ષા શ્રીમતી સરોજબેન વિઠલાણી તથા શ્રીમતી દિવ્યાબેન સેજપાલ અને નવી મુંબઈ મહિલા સમિતિની અનેક બહેનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. બપોરે લગભગ ૨.૩૦ કલાકે ચા, કોફી, નાસ્તા ને ન્યાય આપી ૩.૩૦ કલાકે ગણપતિ વંદના તથા રઘવંશી ગીતનું ગાન અનુક્રમે શ્રીમતી પ્રીતિબેન સોમૈયા તથા શ્રીમતી આશાબેન મણીધર દ્વારા કરવામાં આવ્યું હતું. મહિલા સમિતિના કન્વીનર શ્રીમતી અરુણાબેન કેસરિયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહેમાનોને સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ કાર્યક્રમને અનુરૂપ બ્રહ્મનાદ વિશે અને આજે તે જરૂરી છે તે વિશે જાણકારી આપી હતી. શ્રીમતી જયોતિબેન ઠક્કરે પણ કાર્યક્રમ વિશે વિગત આપી હતી. ત્યાર બાદ કોંકણ વિભાગ મહિલા મહાપરિષદના અધ્યક્ષ તથા લોહાણા સમાજ નવી મુંબઈના ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન કેસરિયાએ વાશી નવી મુંબઈના દિવંગત પ્રમુખ શ્રીમતી મીનાબેન રૂપારેલીયાને યાદ કરી ઉલ્લેખ કર્યો હતો અને ઉપસ્થિત મહેમાનો અને આજના કાર્યક્રમને રજૂ કરનાર શ્રીમતી રાધાબેન માણેક તથા શ્રીમતી ગાયત્રીબેન ઠક્કર, શ્રીમતી નિધિબેન પલણ અને કુ. ભાવિકા કારિયા ને સન્માનિત કરતા ઉપસ્થિત મહાનુભાવો તથા મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમ ને દિપાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.




રાધાબેન ઠક્કરના ગીત અને તેઓ દ્વારા રજૂ કરાયેલ કવિતા સાથે ઉપસ્થિત બહેનો તાલ મિલાવી ડાન્સ કરી અને ઝુમી ઉઠયા હતા. ત્યારબાદ ગાયત્રીબેન દ્વારા સાઉન્ડ થેરાપી અને મંત્રોના ઉચ્ચારથી માનસિક તથા શારીરિક સ્વાસ્થ્યમાં લાભ થયો છે અનેક બીમારીઓ દૂર થાય છે તેની સમજ




મેળવી તે મેડિટેશન અને ૐ ના અકાર - ઉકાર અને મકારના ઉચ્ચારણ દ્વાર અનુભવ કર્યો હતો. કાર્યક્રમના અંતે નિધીબેન તથા ભાવિકાબેનને તેમની ડિજિટલ ઈન્ડિયાના કાર્યક્રમની પ્રસ્તુતિ બદલ સમાજ તરફથી ટ્રોફી આપવામાં આવી હતી. કાર્યક્રમ રજૂ કરનાર શ્રીમતી રાધાબેન તથા શ્રીમતી ગાયત્રીબેનને પણ સન્માનવામાં આવ્યા હતા. શ્રીમતી ભાવનાબેન કેસરિયા તથા શ્રીમતી શિલ્પાબેન કારિયા તરફથી મહેમાનેને તથા મહિલા સમિતિની સર્વે બહેનોને તુલસી કયારો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રીમતી આશાબેન મણીધરે ઉપસ્થિત સર્વે મહાનુભાવો તથા મહેમાનોનો ખરા હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. શ્રીમતી ભાવનાબેન કેસરિયા, શ્રીમતી શિલ્પાબેન કારિયા, શ્રીમતી અનસુયાબેન ચોથાણી, શ્રીમતી પ્રીતિબેન સોમૈયા, શ્રીમતી અરુણાબેન કેસરિયા, શ્રીમતી આરતીબેન ઠક્કર, શ્રીમતી મીનાબેન કારિયા, શ્રીમતી હેમાબેન કોટક, શ્રીમતી આશાબેન મણીધર, શ્રીમતી ક્રિષ્નાબેન ઠક્કર, શ્રીમતી જયશ્રીબેન ઠક્કર, શ્રીમતી રક્ષાબેન સેજપાલ, શ્રીમતી કિરણબેન સેજપાલ, સ્નેહાબેન કોટક, ભાવિકાબેન કારિયા, રીનાબેન ઠક્કર, નીપાબેન પરમાર તથા મંગળાબેન ઠક્કરના સથવારે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એકંદરે કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગ અને જૂનાગઢ



શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણી પ્રભાવ લગ્નની શુભેચ્છા મુલાકાતે શુક્રવાર તા. ૨ જૂન ૨૦૨૩ના રોજ પધાર્યા હતા. સમગ્ર રઘુવંશી સમાજના હોનહાર ડાયનેમિક પર્સનાલિટી ધરાવતા જૂનાગઢના દીકરી એવા શ્રીમતી રશ્મિબેને જૂનાગઢમાં આવીને રાયજી નગર ખાતે ના પ્રભાવ વેવિશાળ કેન્દ્રમાં મુલાકાત લીધેલ હતી. શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી તથા રઘુવંશી સખી સહિયર વૃંદ ના તમામ હોદ્દેદારોએ તેમનું ઉષ્માપૂર્વક સ્વાગત કરી, કુમકુમ તિલક તથા પુષ્પવૃષ્ટિ દ્વારા નવાજયા હતા. સંસ્થા દ્વારા થતી વિવિધ સેવાની માહિતી શ્રીમતી અનીલાબેન બથીયા દ્વારા આપવામાં આવી હતી. સંગઠનની ભાવનાથી થતી પ્રવૃતિને બિરદાવવામાં આવી હતી. સંસ્થા દ્વારા થતા નિઃશુલ્ક ચોપડા વિતરણ ના કાર્યક્રમનું દીપ પ્રાગટય શ્રીમતી રશ્મિબેન વિઠલાણી દ્વારા કરવામાં આવેલ હતું. રઘુવંશી ધ્વજ વંદન કરી કાર્યક્રમને ખૂલ્લો મૂકવામાં આવેલ હતો. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગ દ્વારા થતા કાર્યોની વિસ્તૃત માહિતી આપવામા આવી હતી. ગૃહઉદ્યોગ તેમજ બહેનો દ્વારા સમાજ ઉત્કર્ષ વિશે વકતવ્ય આપવામાં આવેલ હતું. બહેનોને દરેક ક્ષેત્રે આગળ આવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. સરકારશ્રીની યોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતી કનકબેન રૂપારેલીયા, હીરવાબેન, શ્વેતાબેન, ભાવનાબેન અઢીયા, રેખાબેન ગોટેચા, આરતીબેન કારીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. શ્રીમતી પૂજાબેન કારીયાએ હાજરી આપેલ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તેમજ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીએ અરસ પરસ મોમેન્ટો આપી અભિવાદન કરેલ હતું.

''આજ આનંદ આજ ઉત્સાહ સખી અમ આંગણે કંચન વરસ્યા મેહ''

# શ્રી લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોન - ૨

શ્રી લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોન-૨ ના આયોજન હેઠળ ઘરે રહીને વ્યવસાય કરતી ગૃહિણીઓ માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડવાના હેતુસર અને એમના વ્યવસાયની જાહેરાત થાય એવા સદ્વિચાર સાથે એક એક્ઝિબિશનનુ આયોજન ખંભાળીયા ખાતે ચંદાબેન અને નિકિતાબેનના માર્ગદર્શન હેઠળ કરવામા આવ્યું હતું. જેમાં ૧૫ જેટલી ગૃહિણીઓ એ સ્ટોલ રાખી પોતાના વ્યવસાયનો સારો એવો પ્રચાર કર્યો હતો.



**સૌરાષ્ટ્ર હાલાર ઝોન - ૨**

**પ્રમુખ :- જેમીનીબેન મોટાણી**

**સેક્રેટરી :- હેતલબેન સવજીયાણી**



# મહિલા સમિતિ
## શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ સૌરાષ્ટ્ર ઝોન-૪





શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ સૌરાષ્ટ્ર ઝોન-૪, માતુશ્રી વિરબાઈ મહિલા મંડળ તથા લોહાણા સમાજ ભાવનગરના સંયુકત ઉપક્રમે લોહાણા વિદ્યાર્થી ભવનના સહયોગથી રઘુવંશી બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મત અને જ્ઞાતિ ગૌરવ અને રઘુવંશી ભાઈચારાની ભાવના કેળવાય તેવા ઉમદા હેતુથી સમર કેમ્પ (free of cost) નું આયોજન તારીખ ૯ મે થી ૧૩ મે સુધી કરવામાં આવ્યું હતું. જેમાં હાલમા સમાજના ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. જેમને વિવિધ તાલીમો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંગઠન ભાવ શીખવવામાં આવ્યો હતો. રોજ અલગ અલગ પ્રવૃત્તિ, સ્પર્ધાઓ, બાળકોને નાની મોટી મળીને કુલ ૬૦૦



જેટલી ભેટ આપવામાં આવી એટલે દરેક બાળક દીઠ ૬ જેટલી નક્કી ભેટ તેમને આપી શકયા અને રોજ અલગ અલગ નાસ્તો અને ખૂબ મનોરંજનથી બાળકોને સમર કેમ્પનો ખૂબ આનંદ મળ્યો સાથે નજીકમાં પ્રવાસ પણ થયો અને દરેક બાળકનું હેલ્થ ચેકઅપ અને ડેન્ટલ ટેસ્ટિંગ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમાજના દાતા પરિવારો દ્વારા સહયોગ મળ્યો સૌ જોડાયા અને યોગદાન આપ્યું. કયાંક તો મોટા જાણે બાળકની જેમ જ બાળકો સાથે રમતા જોવા મળ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ના વર્ષ થી લોહાણા સમાજ દ્વારા સમર કેમ્પનું આયોજન થયું અને તેમાં લોહાણા મહાપરિષદ, વિરબાઈમાં મહિલા મંડળ, લોહાણા વિદ્યાર્થી ભવન, જલારામ મંદિર આનંદ નગર અને ઝોન-૪ની મહિલા સમિતિએ પોતાનું સક્રિય યોગદાન આપેલ છે. આમ સૌના પ્રયાસથી સુંદર આયોજન થયેલ હતુ. સૌના પ્રયાસની નોંધ લઈને છેલ્લા ૧૦ વર્ષથી ચાલતા સમર કેમ્પને સફળ બનાવનાર સૌને ખૂબ અભિનંદન.

**બાળ દેવો ભવ, જય રઘુવંશ, જય જલારામ.**



**શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના ઘટક મહાજન, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ, દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની મહાપૂજાનું ભવ્ય આયોજન**





શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના ઘટક મહાજન, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ, થાણા દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની મહાપૂજાનું ભવ્ય આયોજન તા. ૨૦-૦૬-૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું.

આ મહાપૂજાનું આયોજન થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી ના પુનઃ નિર્માણ થયેલ વાતાનુકૂલિત અને અત્યંત આધુનિક ''રઘુવંશી હોલ'' ખાતે કરવામાં આવ્યું હતું. આ શ્રી સત્યનારાયણ મહાપૂજાના દર્શનનો લાભ લેવા આપણા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથજી શિંદે સાહેબ એમના વ્યસ્ત શેડ્યુલ માંથી પણ ખાસ સમય કાઢીને આવ્યા હતા. જેમાં થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટીશ્રીઓના આપસી સંબધોના તાદૃશ દર્શન થયા છે. તે માટે આપણા રઘુવંશી લોહાણાઓને ગર્વની અને ગૌરવની





અનુભૂતિ થઈ. આ કાર્યક્રમમાં સ્થાનિક નગરસેવક, નગરસેવિકા, આમદાર, ખાસદાર, તથા અન્ય મહાનુભવોની હાજરી પણ ઉલ્લેખનીય હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તે સાથે વાસંતીબેન દ્વારા સ્વનિર્મિત શિંદેજીનું હસ્ત ચિત્ર પણ આ સમારોહમાં મુખ્યમંત્રીજીને અર્પણ કરવામાં આવ્યું હતું.

સુમધુર ગુજરાતી હિન્દી ગીત સંગીતના આનંદદાયક વાતાવરણ થી ભરપુર એવા આ કાર્યક્રમમાં શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઈ ઠક્કરના તથા હાલાઈ લોહાણા ફાઉન્ડેશનના પ્રમુખ અને શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના ટ્રસ્ટી શ્રી કેતનભાઈ ઠક્કરના સ્નેહપૂર્વક આગ્રહ ભર્યા આમંત્રણને માન આપીને શ્રી લોહાણા મહાપરીષદના મા. મંત્રી તથા કોંકણ વિભાગના ટ્રસ્ટી ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, LMP મહારાષ્ટ્ર ઝોનના તથા શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, LMP મહારાષ્ટ્ર ઝોનલ મંત્રી શ્રી હર્ષદભાઈ મણીયાર, શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના ટ્રસ્ટી શ્રી અભયભાઈ તન્ના (ખપોલી), શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના સહમંત્રી શ્રી કેયુરભાઈ પોપટ (પનવેલ), વિરાર મહાજન પ્રમુખ શ્રી ગોવિંદભાઈ ખોડા, ડોમ્બીવલી મહાજન પ્રમુખ શ્રી માધવજીભાઈ ઠક્કર, મા. મંત્રી શ્રી



પ્રમોદભાઈ પુંજાણી, ડોમ્બીવલી મહિલા સમિતિ પ્રમુખ શ્રીમતી દિપ્તીબેન પલણ, હાલાઈ લોહાણા મહાજન મુંબઈના ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રીમતી પ્રજ્ઞાબેન મોરજરિયા તથા શ્રી મહેશભાઇ સામાણીએ રાત્રે ૧૧.૩૦ સુધી હાજરી આપી અને

અષાઢી બીજ ઉત્સવનો ભોજન પ્રસાદ લઈ સસ્નેહ આનંદ અને આભાર ની લાગણી સાથે સૌ છુટા પડયા હતા.

આ ભવ્ય દિવ્ય ધાર્મિક, સામાજિક અને સંગીતમય કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ થાણાના પ્રમુખ શ્રી મહેશભાઈ ઠક્કર અને ટીમ તથા હાલાઈ લોહાણા ફાઉન્ડેશનના પ્રમુખ તથા શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ (સંગઠન) કોંકણ વિભાગના ટ્રસ્ટી શ્રી કેતનભાઈ ઠક્કર અને ટીમને ખુબ ખુબ ધન્યવાદ. આપ સૌના અથાગ પરિશ્રમ અને અવિરત મહેનતના કારણે જ આ ઉત્તમ કાર્યક્રમ સર્વોત્તમ થયો છે.

શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી મહાનુભવો શ્રી રાકેશભાઈ ઠક્કર, શ્રી દિપકભાઈ ઠક્કર, શ્રી રસીકભાઈ ઠક્કર, શ્રી પ્રશાંતભાઈ ઠક્કર, અને થાણા હાલાઈ લોહાણા ફાઉન્ડેશનના ઉપપ્રમુખ શ્રી સનતભાઈ માણેક, મા. મંત્રી શ્રી વિનીતભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિતેનભાઈ માણેક અને સહકાર્યકરોને હાર્દિક અભિનંદન અને સલામ.

**જય રઘુવંશ - જય જલારામ**

**શ્રી લોહાણા સમાજ (ટ્રસ્ટ) સંગઠન કોંકણ વિભાગ વતીથી**

**શ્રીમતી સ્વાતિબેન ઠક્કર (મા. મંત્રી), શ્રી કેયુરભાઈ પોપટ (સહમંત્રી)**



## શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર ના ઉપક્રમે આયોજિત

# ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''



૨૧ જૂન ૨૦૨૩માં વિશ્વના ૧૮૦ દેશોનું ગૌરવ સ્થાન યોગ દિવસ જયારે મેળવી ચૂક્યું છે, તેવી પુનીત પળોએ આ ઉત્તમ વિદ્યાની ''યોગથી નિરોગની યાત્રા'' વિષયથી શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્રને વિશ્વભરથી જોડાવાનો શુભ સંકલ્પ કરાયો હતો.

'રઘુવંશીઓને આ યાત્રામાં ઝુમ માધ્યમથી ભેગા મળવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત કર્યો તે માટે શ્રી સતિશભાઈ વિઠલાણી તથા શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા અને તેમના સાથીઓને સ્વામીજીએ આર્શિવાદ આપતા હર્ષ અનુભવ્યો હતો. ઉપસ્થિત સહુની પ્રસન્નતા પણ તેઓએ મેળવી હતી.

સર્વેને એક પ્રશ્ન જીવનભર દરેક અવસ્થામાં સતાવતો હોય છે, ઈશ્વર સઘળું બક્ષ્યું છે... પરંતુ? આ પરંતુનો કોયડો ઉકેલવો હોય તો ''યોગથી નિરોગની યાત્રા'' ધ્યાન પૂર્વક સાંભળશું તો ખરેખર યોગનું મહત્વ શરીર માટે સમજી શકશું. ''આ રીતનો ભાવ પૂજય સ્વામીશ્રી કેવલાનંદ સરસ્વતીજીએ કર્યો. જેઓ યોગાચાર્યની રૂપે સારું એવું જ્ઞાન ધરાવે છે, નિયમિત શિબિરો પણ યોજતા રહે છે.

હમણાં કેનેડા અને અમેરિકાના કથાનકમાં સ્વામીજી ખૂબજ વ્યસ્ત હોવા છતાં આપણા રઘુવંશીઓ માટે સમય કાઢી યોગ માટેની મહત્વની સમજણ આપવા આધ્યાત્મિક સમિતિના પ્રમુખ શ્રી ગિરીશભાઈને



તુરંત જ સમ્મતિ આપી હતી. તેમના દ્વારા અપાયેલ વિષય પણ આપણા પ્રમુખશ્રી સતિશભાઈને ખૂબ જ ગમ્યો હતો તુરંત જરૂરી લાગ્યો હતો. યોગ દિવસના શ્રી લોહાણા મહાપરિષદના ગૌરવ ગીતથી શુભારંભ કરાયો હતો.

પ્રથમ શ્રી ગિરીશભાઈએ સંતને સહુ વતી દંડવત પ્રણામ કરી સ્વાગત કરતા જણાવ્યું હતું કે ''ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ એક અથવા બીજારૂપે વિશ્વને આકર્ષે છે, જેનું મૂળ કારણ પ્રાચીન ઋષિમુનીઓની તપશ્ચર્યાથી પ્રાપ્ત કરેલ અનેક જ્ઞાન વિદ્યાઓમાંની એક શ્રેષ્ઠ યોગ વિદ્યા'' છે. ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે આપણાં આદરણિય પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી કે જેઓ શ્રી શ્રી રવિશંકર સાથે નિકટથી જોડાયેલા છે અને નિત્ય ૪૦ મિનીટ યોગાસન કરે છે અને ''પૂજય સ્વામીજી હંમેશા આપણને સદભાવનાથી ઝુમ તથા યુટયુબ દ્વારા જીવનની ઘણી ઉપયોગી સમજણ આપે છે. આ સાથે તેમનું શાસ્ત્ર જ્ઞાન પણ તેટલું જ છે. પોતાની સ્ફૂર્તિનું શ્રેય યોગાસનો જ છે તેમ પણ જણાવ્યું હતું. શ્રી ગિરીશભાઈના પિતાશ્રી વડીલ હરિભાઈ ડ્રેસવાલાના પ્રેમપુરી આશ્રમની સેવાને કારણે ગિરીશભાઈના સુંદર નેતૃત્વ હેઠળ અનેક સંતોનો વિદ્વાનો દ્વારા આપણાં વિશ્વભરના લોહાણા જ્ઞાતિજનોને સંપૂર્ણ રીતે આધ્યાત્મિક જ્ઞાન અપાવવાના સફળ પ્રયાસોથી પ્રશંસા મેળવી છે.'

પૂજય સ્વામીજી એ તેમનાં પ્રવચન સમયે સૂર્ય નમસ્કારનું મહત્વ વિસ્તારથી સમજાવી તેના ફાયદા સ્વાસ્થ્ય સુદ્રઢ અને વ્યવહારમાં શાંતિ લાવી શકે છે, જેથી આંતરિક શાંતિ, ઉર્જા અને સત્યતાની રાહે ચાલવા મનુષ્ય પ્રેરક બને છે તેમ જણાવ્યું હતું. અને આજના આ યોગ દિવસના દિવસે ''સૂર્ય નમસ્કાર'' પ્રતિદિન કરવો તે સંકલ્પ સહુ લેશે તેવી મને ખાત્રી છે. આજે જીમનેસ્યમ અને વ્યાયામથી શરીરને સુદ્રઢ બનાવવાની હોડમાં તેમાં અનેક માઠાં પરિણામો મૃત્યુ સુધીના પણ થયેલા આપણે સમાચારો માધ્યમથી સાંભળતા હોઈએ છીએ તેમ જણાવ્યું હતું.



ભારતીય ઋષિ પરંપરા દ્વારા અનેક યોગાસનો નિત્ય અભ્યાસથી આંતરિક શક્તિ, સ્ફૂર્તિ, શાંતિ સાથે આત્મવિશ્વાસ પણ મેળવે છે.

યોગ આસનો દ્વારા અનેક રોગોનું નિવારણ અને તેથી વધીને આયુષ્યની છેલ્લી અવસ્થામાં શાંતિથી પ્રયાણ કરે છે, તેથી શરીરને કોઈ પ્રકારે નુકશાનકારક નીવડયા હોય તેવા કોઈ પ્રસંગો બન્યા હોવાનું જાણકારીમાં આવ્યું નથી. શરીરને નિરોગી રાખવા આ

અમૂલ્ય જડીબુટ્ટી વિશ્વને ભારતની મોટી દેણ આપવામાં આપણાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ જ મોટો હિસ્સો છે તે સરાહનીય છે.

આજના આ યોગ પર્વ સમાન દિવસે વિશ્વભરનાં રઘુવંશીઓને ભેગાં કરી શકયા છે તે માટે શ્રી સતિષભાઈ, શ્રી ગિરીશભાઈ તથા સાથીગણ પર હંમેશા ઈશ્વરના આર્શિવાદ રહે, અને સમાજ સેવાના ઘણાં સદકાર્યો ભવિષ્યમાં નિરંતર કરતા રહે, તેવી પ્રભુ પ્રાર્થના કરી હતી.

સ્વામીજીનો સહુ વતી ગિરીશભાઈએ આભાર માન્યો હતો. ત્યારબાદ સતિષભાઈએ આવા અતિઉપયોગી સમજ આપવા બદલ સ્વામીજીને દંડવત વંદન કરતા, ખાત્રી આપી હતી કે તેઓ નિયમિત સૂર્ય નમસ્કાર કરશે. ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠકકરે તેઓના ભાવ વ્યક્ત કર્યા હતા.

વિદેશ કેનેડાથી શ્રી રાજુભાઈ, લતાબેન, કોકિલાબેન, રમેશભાઈ અમેરિકાથી શ્રી મધુસુદનભાઈ ઠકકર, રક્ષાબેન જયનાબેન રાજેશભાઈ, યુગાન્ડા આફ્રિકાથી મીનાબેન ખગ્રામ, દુબઈથી શિલ્પાબેન વગેરે પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, ડૉ. પ્રવીણભાઈ તન્ના, અમદાવાદથી નિરીષભાઈ ગાયત્રીબેન તથા અનેક રઘુવંશીઓએ યોગથી જીવનની સફળતા સાથે શરીરની સ્વસ્થતા મેળવવાની અમૂલ્ય સમજણનો લાભ લીધો હતો. પ્રસન્નતાથી સહુએ શાંતિપાઠ કરી યોગ ડે સંતની હાજરીમાં ઉજવ્યાનો આનંદ અને સંતોષ લીધો હતો.

